# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઈજ સાથે કુલ પાના ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સહજતા, પવિત્રતા અને ભગવાનની ટપાલ | ગુણવંત શાહ | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| શ્રી મા પર્વ–શક્તિ પર્વ સ્વર્ગારોહણ | આશા ભક્ત | ૮ |
| સંસાર 'નથી' અને પરમાત્મા 'છે' | શ્રીરામસુખદાસજી | ૧૪ |
| બ્રાયન–નિઃસ્વાર્થ સેવા કદી નકામી જતી નથી. | ડૉ.આઇ. કે. વીજળીવાળા | ૧૮ |
| પ્રેરક પ્રસંગ–શીવની નેત્રયજ્ઞ | દમયંતી સેજપાલ,સં.પરમાર્થી | ૨૩ |
| પ્રભુનો મંચ–પૂ. મા | જયુ ભક્ત, બિજલ ભટ્ટ, દમયંતીબેન ભક્ત, પૂજા ત્રિવેદી | ૨૯ |
| પૂ.માના સાન્નિધ્યમાં– એક અભિનવ પારાયણ | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૩૪ |
| છાસની હાશનું પર્વ (૨) | જ્યોત્સ્નાબહેન બી. ત્રવેદી | ૩૮ |
| ઋણાનું બંધ | મકરંદ દવે | ૪૨ |
| સંતવાણી | પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી હરિચરણદાસજી મહારાજ | ૪૯ |
| પૂ.મા સર્વેશ્વરીની સ્વિત્ઝર્લેન્ડ યાત્રા | મા સર્વેશ્વરી | ૫૨ |
| મહર્ષિના સાન્નિધ્યમાં | પોલ બ્રન્ટન, અનુ. : શ્રીયોગેશ્વરજી | ૫૬ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

## સહજતા, પવિત્રતા અને ભગવાનની ટપાલ.

ગુણવંત શાહ

સહજ હોવું એટલે જ ભગવાનની સમીપ હોવું અને એની સમીપે હોવું એટલે જ સ્વસ્થ હોવું.

★ ★ ★

જ્યાં પવિત્રતા છે ત્યાં મંદિર હોવાનું જ. પરંતુ જ્યાં મંદિર હોય ત્યાં પવિત્રતા હોય કે ના પણ હોય.

પવિત્રતા કોઇ સ્થળવિશેષની ઓશિયાળી નથી હોતી. પવિત્ર સ્થાન એટલે એવું સ્થાન જ્યાં માણસને ભગવાનની ટપાલ મળે. એ ટપાલ મળે તે માટે બે બાબતો જરૂરી છે. એકાંત અને મૌન.

★ ★ ★

સૂર્ય રોજ આપણને
જીવન નામની ટપાલ પહોંચાડે છે.
પર્વતો અસંખ્ય નદીઓ દ્વારા
માતૃત્વ પહોંચાડે છે, અને
પુષ્પો સુંગધ પહોંચાડે છે
પાંદડે પાંદડે
પરમેશ્વરના હસ્તાક્ષરમાં લખાયેલી
ટપાલ માણસને પહોંચતી જ રહે છે.
પણ ભગવાનની ટપાલ વાંચવાની ફુરસદ
આપણી પાસે છે ખરી?




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૬ નવેમ્બર—૨૦૧૩ અંક ૨


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળ:—જોષીમઠથી બદરીનાથ**

**મંગળવાર તા.૧/૬/૮૨ જેઠ સુદ દશમ**

સવારે શંકરાચાર્યના જોશીમઠમાંથી શ્લોક, સ્તોત્રપાઠનો અવાજ આવી રહ્યો છે. પૂ. શ્રી ઉઠી ગયા છે. સ્નાન, વ્યાયામ કરી લીધા. લેખનકાર્ય શરૂ થઇ ગયું છે.

સર્વેશ્વરી થોડી નોંધ કરી લે છે. ગાડી ચાલી તે પહેલાં શ્રી બાબુભાઇ, નારણભાઇ, વિનુભાઇ સુંદર મોટા ગુલાબના ફૂલ લઇને આવી પ્રણામ કરે છે.

બદરીનાથ જવા માટે સવારે ૫—૩૦ પછી ૮—૪૦ એ રીતે અમુક અમુક અંતરે પોલીસો જવા દે છે. અમે મોડા હતા જેથી ૮—૪૦ સુધી જોશીમઠ જ રોકાવવાનું હતું જેથી નંદાદેવી હોટલની ઉપર જ આદ્ય શંકરાચાર્યનો મઠ હતો, ત્યાં પૂ. શ્રી સાથે સૌ જાય છે.

ચઢાણવાળા માર્ગે ઉપર જવાનું છે. ઉપર સ્વરૂપાનંદનો

મોટો ફોટો ગાદી ઉપર મૂક્યો છે. જ્યાં મોટો હોલ છે, ત્યાંથી ઉપર ગયા તો દેવીનું સ્થાન. તેમાં દેવીની મૂર્તિ અને ચાર શંકરાચાર્યો ભારતની ચાર મુખ્ય પીઠોના, તેના ફોટા હતા. તે મંદિર પાસે જ એક ગુફા હતી. જેમાં તોટકાચાર્યે તપ કર્યું હતું. એ ગુફામાં સ્ફટીકનું મોટું શિવલિંગ હતું. ત્યાંથી પગથિયાં ઉતરી નીચે આવ્યા હતાં. આદ્ય શંકરાચાર્યની ગુફા તથા અમર કલ્પવૃક્ષ જે ઘણું પુરાણુ છે ત્યાં આદ્ય શંકરાચાર્ય પ્રથમવાર આવીને રહ્યા હતા તે સ્થાનનાં દર્શન કર્યા.

શંકરાચાર્યની ગુફામાં શંકરાચાર્યની મૂર્તિ હતી. હાથમાં 'અયમ્ આત્મા બ્રહ્મ' એવું લખાણાવાળું પુસ્તક હતું.

પૂ.શ્રીએ તે જોયું કહ્યું : આ તો પથ્થરનાં પુસ્તકો છે. આત્માને જાણ્યા પછી પુસ્તકો પથ્થર બરાબર જ છે. ખરૂં ને!

પૂ.શ્રી જાણે શંકરાચાર્ય સાથે વાતો કરતાં હોય એવો ભાવ હતો. કદાચ વાતો કરી પણ હશે.

રાજઘાટ ઉપર શ્રીગાંધીજી સાથે થોડી વાતો પૂ.શ્રીએ કરી હતી.

જોશીમઠથી ખૂબ નીચે ઉતરવાનું હતું અને પછી ભયંકર ચઢાઇ શરૂ થઇ. મારવાડી, પાંડુકેશ્વર, હનુમાનચટ્ટી ને બદરીનાથ.

ગાડી ઉપર ચાલે છે. કુદરતી સૌંદર્ય છૂટે. હાથે અહીં વેરાયેલું છે. બરફના પહાડો દેખાય છે. ખૂબ ભયંકર ચઢાઇ. એક તરફ પહાડ, બીજી તરફ ભયંકર ખીણ. સહેજ જો ડ્રાયવર ગાફેલ રહે તો મૃત્યુના ખોળે. ઠેર ઠેર પહાડમાંથી ઝરણાં ને પાણીના કુદરતી સુંદર વહેણ. વળી, રસ્તાઓ વાંકા ચૂંકા,



અદૃશ્ય વળાંક સામે પર્વત ઉપર નીચે માર્ગ. ૧૨ વાગ્યે બદરીનાથ આવી ગયા. જોષીમઠ ને મારવાડી વચ્ચે એક મોટો પથ્થર જોવા મળ્યો. જે મહત્ત્વનો પૂ.શ્રી માટે હતો. પૂ.શ્રી અગાઉ બદરીનાથ આવ્યા હતા ત્યારે રાતે રસ્તા વચ્ચે ઓચિંતો મોટો પથ્થર પડ્યો હતો. જે ઓચિંતા કોઇક ભાઇઓએ આવી ખસેડ્યો હતો. તે પથ્થર પ્રભુની કૃપાનું સ્મરણ કરાવનાર હતો.

બદરીનાથ પહોંચી ગયા. થોડી શાંતિ, હાશ, નિરાંત થઇ. પહોંચતાં જ પૂ.શ્રીએ (રામેશ્વર કે જે પૂ.શ્રીની સાથે દશરથાચલ પર્વત પર રહ્યા ત્યારે એ ભાઇ સાથે હતા) તે ભાઇની તપાસ કરી. થોડી જ વારમાં તે ભાઇ મળી ગયા.

બદરીનાથમાં ઘણી ધર્મશાળાઓ, ગીતાભવન, કાલીકમલી, મોટી હોટલો પણ છે. અન્નક્ષેત્ર પણ છે. બધે તપાસ કરી. ગીતાભાવનમાં જગ્યા મળી. બે ઓરડા, ત્રીજો ઓરડો પાછળથી મળ્યો. પૂ.શ્રીનો એક, એક ભાઇઓનો, એક બેનોનો.

ગીતાભવન ઉતર્યા બાદ પ્રથમકાર્ય ગરમપાણીના કુંડ ઉપર સ્નાન કરવાનું હતું. સૌ ભાઇબેનો ત્યાં સ્નાન માટે ગયાં. પછી ભોજન લીધું. પૂ.શ્રીને ભોજન અનુકૂળ ન હતું. જેથી પૂ.શ્રીને સર્વેશ્વરીએ ભોજન ન લીધું.

રામેશ્વર પૂ.શ્રીની સાથે જ હતા. તેમને જોઇને સૌને આનંદ થયો. પૂ.શ્રીની તપશ્ચર્યાના તે સાક્ષી હતા. ખૂબ શ્રદ્ધાભક્તિ પૂ.શ્રી ઉપર તે ભાઇની હતી. કફની, ધોતીયું ને ધાબળો વીટેલો, માથા ઉપર લાલ તિલક. ઠરેલ, શાંત છતાં પ્રેમાળ લાગ્યા. રામેશ્વર સાથે નદી કિનારે બેઠા.

અલકનંદા નદી ઉપર પુલ. પુલ પસાર કરીને જઇએ એટલે

બદરીનાથનું મંદિર. એ મંદિરની ડાબી બાજુ ગરમપાણીના કુદરતી પાંચ કુંડ. નીચે બરફ જેવું ઠંડુ પાણી. અલકનંદામાં વહે, કુદરતની કેવી કરામત છે.

કુંડ અને બ્રહ્મકપાલીનું સ્થાન છે. તેની વચ્ચે જઇને પથ્થરના ઘાટ ઉપર બેઠા. ત્યારપછી સૌ ભાઇબેનો સાથે મંદિરમાં દર્શન કર્યાં. ત્યારબાદ સમૂહમાં એક તસ્વીર લીધી. જેના ૩૫ રૂા. ત્રણ કોપી વધારાની કોપીના ૮ રૂા.

દર્શન બાદ સૌ ઉતારા ઉપર ગયા. પૂ.શ્રી તથા સર્વેશ્વરી, બાબુભાઇ વગેરેએ ઇડલી વગેરે લીધું. ઉતારા ઉપર ગયા. રામેશ્વર સાથે જ હતા.

થોડી જ વારમાં સાંજનો સત્સંગ શરૂ થયો. આજે સૌની ઇચ્છા રામેશ્વર પાસે પૂ.શ્રીની વાતો સાંભળવાની હતી. જેથી એ અંગે આજની બેઠક વિશેષ મહત્ત્વની હતી.

બેઠકમાં બહારના ગુજરાતી ભાઇબેનો પણ હતાં. કલ્પુએ પૂ.શ્રીની સૂચનાથી વરદ હસ્ત ગવડાવ્યું. ત્યારબાદ પૂ.શ્રીએ સર્વેશ્વરીને ભજન ગાવાની સૂચના આપી, જેથી સર્વેશ્વરી પ્રભુ અને રામકૃષ્ણ દેવની સ્તુતિ, 'કુછ લેના ન દેના' ગવડાવે છે. ત્યાં વળી શ્રી નારાયણભાઇ કહેવા લાગ્યા. મહાત્માજી એક ભજન આપ સંભળાવો.

પૂ.શ્રીએ રામ રતન ધન પાયો ભજન ગવડાવ્યું. આરોહ અવરોહ સાથે મોટા અવાજે ગવડાવતા પૂ.શ્રીએ કહ્યું : જોરથી ગાય તેને ટોન્સીલ ન થાય. કીર્તન ભજન ગાનારને ન થાય.

**(ક્રમશઃ)**



# શ્રી મા પર્વ–શક્તિ પર્વ સ્વર્ગારોહણ

**–આશા ભક્ત**

આપણા સૌના પ્રિય અને અતિપાવન શ્રી મા ભગવતીના પૂજનનો ઉત્સવ સ્વર્ગારોહણને આંગણે કંઇક અનોખી રીતથી જ ઉજવાય છે તેની અનુભૂતિ તો જે ભાગ લે તે જ જાણે. પૂ.શ્રી માના સાનિધ્યમાં ૫ octo. થી ૧૫ octo. 2013 સુધીના સુવર્ણ દિવસોની સુવાસ અમારા હૈયામાં સદૈવ મહેંકતી રહેશે એવા અનોખા સંભારણા સાથે અમે સૌએ આ પર્વને માણ્યું છે.

સ્વર્ગારોહણને દ્વારે સવારમાં જ શ્રીમાના હસ્તે જ લખાયેલા બોર્ડ વાંચવા મળે છે. શ્રીમા પર્વશક્તિ પર્વ. મૌનવ્રતથી મા પર્વને મઢીશું. જપ પ્રાર્થનાથી શક્તિપર્વ સજાવીશું. નવ દિવસ જાગ્રત રહીને સાધના કરીશું. ઓરડામાં મૌન, ભોજનાલયમાં મૌન, વસતીમાં મૌન, મંત્રગાન અને ગરબામાં મૌનને વિરામ. બાકીનાં નાનકડા બોર્ડ ઉપર જે સૂત્રો હતાં તે આ પ્રમાણે. મૌન બની અંદરની યાત્રા કરીશું. મૌન સાથે પ્રાર્થના જપ. જરૂર હોય તો જ છેક ધીમેથી વાત કરો, બાકી મૌન રહેતાં શીખીશું. સાધનામાં સહાયક થઇશું, વ્યક્તિગત સંપર્ક બંધ રાખીશું. ''કલ હો ના હો'' આજે જ સાધના કરી લો. અહીં શા માટે આવ્યા? યાદ રાખો. જપો, તપો, ભજો. બહેરા બની પ્રાર્થનામાં ખોવાઇ જાવ. મૌનમાં મસ્ત બની જાવ.

નવરાત્રીની આ પહેલી બેઠકમાં 'મા'ની સ્લેટનું પહેલું સૂત્ર ''આ પર્વ છે જાગતા રહો, જગાડતા રહોનું'' ત્યાં જ મંત્રગાનનો અવાજ આવે છે. ૐ યોગેશ્વરાય નમઃ સ્વર્ગારોહણમાં દર

કલાકે આ ત્રણ મંત્રગાનનો દિવ્યસ્વર ગૂંજે છે. બધાજ જે કંઇ કામ કરતા હોય તે અટકાવી હાથ જોડી આ મંત્રગાનને વધાવે છે; સ્મરે છે. મા પણ સ્લેટ અટકાવી હાથ જોડી મંત્રગાન કરી લે છે. 'મા લખે છે દર વખતે આ અંતિમ મંત્રગાન છે એમ માની કરી લેવું. મા એવું જ કરે છે માટે તમને કહે છે.'

આ પર્વની વિશેષતા પહેલી વાર જાહેરમાં પૂ.માનું "પડદા ઓથે પ્રભુ"નું વાંચન, નવરાત્રી પર્વ દરમ્યાન થયું. સવારે ૧૧.૦૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૫. તમે બધા પણ સાંભળો શ્રી મા પહેલી બેઠકમાં આવ્યાં ત્યારે સ્લેટમાં જે લખ્યું તે. "શ્રી ગુરુદેવ પ્રભુનાં દર્શન ૧૯૭૦ ડીસેમ્બરમાં પામ્યાં. ૧૯૭૦ થી ૮૪ સુધી એ મહાપુરુષને સમજવાના ને સ્વીકારવાના પ્રયત્નો કર્યા. આજે પણ હજીયે પૂરેપૂરા નથી સમજાયા. આપણે જેમની સન્મુખ બેઠા છીએ તે ગુરુદેવ પ્રભુ તો સમર્થ સંત છે. જન્મો ઓછા પડે સમજવા માટે, જે કાંઇ સમજાયું તે અમે કલમે ઉતાર્યું. પૂ.શ્રીનું એ ૨૦મું દર્શન હતું. એટલે કે ૧૯ વાર પૂ.શ્રીને સાંભળ્યા અને ૨૦ મી વાર હવે દર્શન કરે છે. ધ્યાનથી સાંભળજો, ઉંઘ આવે તો પ્રેમથી ઉભા થઇ જાવ..."

શ્રીઅજયભાઇ કલોલનાં ધીર ગંભીર અવાજમાં અમે સૌએ શ્રીમાની એ અદ્‌ભુત લેખન શૈલીને માણી.. શ્રીમાની કલમે એકધારી શ્રીગુરુદર્શન, શ્રીગુરુમહિમાની એવી તો અનેરી રજૂઆત કરે છે કે હૃદય એ શ્રીમાનાં નિયમો, પ્રાર્થનાઓની અખંડિત સતત ૭૦ ના દાયકાથી વહેતી પ્રેમ ગંગોત્રીમાં પળેપળ ભીંજાયા જ કરે છે. શ્રીમાનું અંતર શ્રી ગુરુદેવ પ્રભુનો, નિત્ય હાલતાં—ચાલતાં, સાધના હાઇસ્કૂલમાં અતિ વ્યસ્ત ટાઇમ ટેબલમાં પણ જે માનસિક અનુરાગનો સતત અભિષેક કર્યા કરે



છે તેનું નિરૂપણ એટલે "પડદા ઓથે પ્રભુ." શ્રી માનો આ નાનકડો શ્રી વિગ્રહ કંઇ કેટલાયે પ્રચંડ પરાક્રમોનું, પુરુષાર્થનું કેન્દ્રબિંદુ છે. સાધના પંથની એમની શરૂઆત ધીમે પાઠ શાંત મક્કમ ગતિએ થાય છે. અને ત્યારબાદ એમની સાધનામાં ક્રમશઃ જે તીવ્ર વેગ આવે છે એ ધસમસતી ગંગોત્રીના પ્રવાહ જેવો છે.

આપણને જે કામ કરતાં વર્ષો લાગી જાય તે કામ શ્રીમા તત્કાલ કરી દે. શ્રીમા દેખાય આપણા જેવાં જ, પણ એમનાં કાર્યો, એમનો સંકલ્પ, એમની નિશ્ચય શક્તિ, એમની આરાધનાથી એમનાં જપ—તપ—વ્રતથી—ઉપવાસથી એઓ ખૂબ વિશેષ છે. શ્રીમાના હૈયે ગુરુભક્તિનો ઝંકાર નિરંતર વાગે છે. ગુરુ જ એમનાં આરાધ્ય, યોગેશ્વર પ્રભુ જ એમના શિરતાજ.

શ્રીમાના જીવાઇ ગયેલા જીવનની આ વાત છે, એ વાત આજનાં શ્રીમાની વાત નથી. એ વાત જાણે આપણા માટે જ છે. ગુરુના વાક્યોને...અરે નાનકડી વાતચીતનાં બે શબ્દોને, શ્રીમા એવી રીતે લે છે કે આપણે માટે નમસ્કાર કરવા સિવાય કોઇ આરો નથી. દિવ્ય સ્નેહનો આ દીક્ષા ગ્રંથ છે. આ ગ્રંથ આપણા માટે "ગાઇડ" છે. જીવતરની પરીક્ષામાં પાસ થવા માટેનાં આ સવાલ જવાબ છે. આ આખી વાત વાંચતાં સતત આપણને શ્રીમાનાં વ્યક્તિત્વનાં પાસાં જોવા મળે છે. શ્રી મા જાણે પ્રેમ અને સમર્પણની સાક્ષાત્ મૂર્તિ...ત્યાગ તો એમનાં રોમ રોમ માંથી છલકે છે. આ લખાણમાંથી એમની એક મૂર્તિ ઘડાઇ જાય છે. સાક્ષાત્ વૈરાગી—વિતરાગી—નિર્માણ—મમતાભર્યું સમર્પિત રૂપ.

સાચું કહું તો અમારા સૌની સૃષ્ટિ તો એમની આસપાસ જ ફર્યા કરે છે. અમારું કેન્દ્રબિંદુ ફક્ત 'મા'. શ્રી કલ્યાણ કહેતા હતા આપણને કાંઇપણ થાય તો કોણ યાદ આવે છે? 'મા' આ

મા જ યાદ આવે છે. આ ખૂબ સાચું છે. આ એક માત્ર મારો કે શ્રી કલ્યાણનો જ ભાવ નથી. આ સૌની પ્રતીતિ છે. શ્રી મા વડે અમે કંઇ કેટલાયે રોજ નવજીવન પામીએ છીએ. શ્રી માનું નામ, શ્રી માના પત્રો, શ્રી માનો મૌન ફોન, શ્રી માની સ્લેટમાં લખાયેલા શબ્દો, અમારી આ જીંદગીની દુઃખતી રગો માટેનું રામબાણ પેઇન કીલર છે. જેની સાઇડ ઇફેક્ટ બિલકુલ નથી અને જે ઇફેક્ટ છે તે માત્ર ને માત્ર પોઝીટીવ છે જ. અને એટલી તો અસરકારક છે કે ઝંઝટોના મૂળને મૂળથી જ ઉખેડી નાખવા સક્ષમ છે.

સાધનાની આ નવરાત્રી કોઇ રખે માને કે એ સાવ બોરિંગ હશે, ભારજનક હશે, ના ભાઇ! અહીં તો અડધી રાત્રી સુધી જાણે આનંદનું, પ્રસન્નતાનું ઝળહળતું બજાર...સાડા નવ પછી રાત્રે અહીં ખૂબ સુંદર ગરબા પર્વની ઝાંખી જોવા મળે, સ્વર્ગારોહણની બધી જ બહેનો, માસીઓ ખુલ્લા દીલે, ગરબાની રમઝટ બોલાવતી જોવા મળે છે. શનિ–રવિ જગદીપભાઇ અને નયનાબહેન, સોનલ આવ્યાં હતાં એટલે તો ગરબાની જાણે મસ્તી, અહીં શ્રીમાની હાજરી અને બધી જ દેવકન્યાઓ ગરબા લેતી હોય એવું દૃશ્ય.

૧૨ ઓક્ટો. અષ્ટમીનો દિવસ...સાતમને દિવસે સાંજે શ્રીમાએ નિયમો આપેલા. સૌને ૫૦૦ પ્રણામ, ૫૦૦ જપમાળા. જેમનાથી પ્રણામ નહીં થાય તેમની ૧૦૦૦ માળા. લગભગ દરેકે નિયમો પૂર્ણ કર્યા. અને સાથે જ મોટા ભાગનાં સૌનો નિર્જળા હતો. એ દિવસે નિર્જળા, અગર પાણી અને દૂધ એ સિવાય કોઇ ત્રીજો વિકલ્પ ન હતો...સૌનાં વ્રત, નિયમો સાંજે પૂર્ણ થયા..શ્રીમા કેવાં ઋજુ છે. એમણે કહેવડાવ્યું કે જેમના



નિયમો ના પત્યા હોય તે આવતીકાલે સાંજ સુધીમાં પૂર્ણ કરી દેજો. પણ અત્યારે આ ભારેખમ સાધનાના ભારેખમ ભારથી મુક્ત થાઓ. ખુશ રહો. સવારથી સ્વર્ગારોહણ ઋષિ આશ્રમ થઇ જાય વંદના–મંત્રગાન–પ્રણામ પૂજા–મંત્રગાન. ૧૧ વાગે "પડદા ઓથે પ્રભુ–વાંચન" બપોરે ૨ વાગે મંત્રગાન, ૪ વાગે ફરી પડદા ઓથે પ્રભુનું વાંચન–ત્યારબાદ ૫ થી ૮ સૌ મુક્ત, પોતાના નિયમો કરવા માટે. દરેકે દરેક જાણે પોત પોતાના સ્વતંત્ર નિયમો લેવાના ફરજીયાત અને શ્રીમાને જણાવી દેવાના અને રોજ સાંજે–રાત્રે સૂતા પહેલાં રોજનો નિયમ પૂર્ણ થવો જ જોઇએ! આ આગ્રહ હતો શ્રીમાનો.

૫૦૦ માળા, ૫૦૦ પ્રણામ સાથે નિર્જળાવ્રત...અમને સૌને થોડું કઠિન લાગ્યું પણ થઇ શક્યું. કારણ "મા" હતાં. શક્તિ પર્વની અધિષ્ઠાત્રી દેવી શક્તિ સ્વરૂપા "મા" સાથે હતાં એટલે જ તો. બપોરની આ બે બેઠક આ પર્વનો પ્રાણ હતો. મારા સહિત સૌને આ વાંચન અતિપ્રિય હતું, કારણ આ માની પોતાની પ્રભુપંથે માંડેલી યાત્રાનાં એક એક પગથિયાની....અરે, એક એક ક્ષણની વાત છે. સાધના પંથનું શ્રીમાનું પ્રયાણ સહેલું નથી. શ્રી મા અત્યારે તો શૂન્ય શિખરે બેઠેલાં જણાય છે. પણ અહીં સુધીનો એમનો પ્રવાસ કંઇ કેટલીયે પ્રાર્થનાઓથી....કંઇ કેટલાયે જપ–તપ–વ્રત–ઉપવાસોનો એક અખંડ પ્રવાહ છે. સાતત્ય છે. પ્રભુપંથની એમની અંદર એક આગ છે. એક દઢ સંકલ્પ શક્તિ જે એમને સતત પ્રભુપંથે દોરે છે. અરે, દોરે નહીં મા તીવ્ર ગતિએ રીતસર દોડે છે; એમની આ અવિરત ચાલતી સાધનાયાત્રાની, આ સત્યથી મઢેલી જીવંતગાથા છે. જેનાં મારા સહિત કંઇ કેટલાયે સાક્ષી છે. એમનાં આ જપ–તપ–

નિર્જળાવ્રત અને અત્યાર સુધીની અસંખ્યયાત્રા સૌની સાથે જ થઇ છે.

શ્રીમા આપણાં છે, આપણી વચ્ચે જ વસે છે અને જાણે બાળકોનો પ્રાણ છે. અમારા મનની આસપાસ જે નામ સતત ગૂંજે છે તે આ જ અમારાં મા.

શ્રીમા રોજ રોજ નવી–નવી બેઠકોમાં એક મુસ્લિમ સંતોનું એક પુસ્તકમાંથી થોડા સંતો વિશે વાત કરી પ્રીન્ટીંગ પ્રેસ પોગ્રેસીવના માલિકનો પત્ર વંચાવે છે. શ્રીમા ખૂબ અલગ છે. જે જે સારું તે બધું જ શ્રીમા પાસેથી તમે જાણી શકો. જ્ઞાનનો એક ખજાનો, સ્નેહનું એક જીવંત મંદિર, જેવા તમે તેવું તમને મળી જાય એમની પાસે.

આ નવરાત્રી જાણે શ્રીમા સાથે સતત જીવંત, જીવતા રહીને વીતાવી. જાગતા રહેવાનું અમે આ પર્વ શ્રીમાની અદ્‌ભુત પ્રેમ સાધનાનું અનુપમ ગાથાનાં ગાન સાથે વિતાવ્યું.

અનુભવાયું એવું કે શ્રીમા નિતાંત સંવેદનાનું હાલતું, ચાલતું ગીતડું છે, જેનો સૂર પડઘાયા કર્યો અમારા સૌના અંતરે આ દિવસોમાં સૃષ્ટિના દરેક જીવને, અરે, કણકણને સ્નેહ કરતી આ કલમને માણતાં આ નવ દિવસો કયાં કેવી ઝડપથી પસાર થઇ ગયા તેની અમને કોઇને ખબરજ ન પડી.

વંદન શ્રીમાના સ્નેહ સ્વરૂપને. વંદન એમની આ અનુપમ સ્નેહની ગુરુગાથાને. વંદન શ્રીમાનાં તપ–જપ–વ્રતોને.

ફરીથી અમને ખૂબ જલદી સાધનાનાં ઉત્સવમાં બોલાવજો. સદૈવ સાથે રાખજો. પ્રણામ મા, પ્રણામ.



# સંસાર 'નથી' અને પરમાત્મા 'છે'

–પરમ શ્રદ્ધેય સ્વામીજી શ્રીરામસુખદાસજી

**શ્રીરામસુખદાસજી મહારાજનાં પ્રાતઃકાલીન પ્રવચન**

સ્વયંનું કલ્યાણ ઇચ્છનારો સાધક જો માની લે કે 'પરમાત્મા છે' અને 'સંસાર નથી'. તો સંસારનું આકર્ષણ સમાપ્ત થઇ જશે અને પરમાત્મા તરફ પ્રેમ આપોઆપ થઇ જશે.

'સંસાર છે' એવું માનવાથી વિષય ભોગ ભોગવાય છે. સુખસામગ્રી માનીને સંઘરો કરે છે, એટલું જ નહીં, પરંતુ પોતે નિર્ણય લઇ લે છે કે–

**કામોપભોગપરમા એતાવદિતિ નિશ્ચિતાઃ ॥** (ગીતા ૧૬ । ૧૧)

જે મનુષ્ય કામના અનુસાર ઉપભોગ પરાયણ છે તેમનો એ નિશ્ચય હોય છે કે સુખ ભોગવવું અને સંગ્રહ કરવો એના વિના બીજું કશું જ નથી.

શાસ્ત્ર, સત્સંગ આપણા પોતાના વિચાર અને અનુભવથી પ્રાયઃ આપણે સૌ જાણીએ છીએ કે સંસારનો કોઇ પણ પદાર્થ અથવા સુખ સદા રહેનાર નથી. આપણા પૂર્વજ (બાપ–દાદા વગેરે) પણ ન રહ્યા. કાળના ખપ્પરમાં સમાઇ ગયા, તો આપણાં શરીર (જે એક જ ધાતુ–પદાર્થથી બન્યાં છે સદા કેવી રીતે રહેશે? એ જ રીતે સુખ ટકશે અને સુખ મળશે એ કેવળ એક વહેમ છે. ભગવાન કહે છે–)

**યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે ।**
**આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ ॥**

(ગીતા ૫ । ૨૨)

'જે ઇન્દ્રિય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થવાવાળા સર્વ ભોગ છે, અને વિષયી પુરુષોને સુખરૂપ દેખાય છે. પણ છે દુઃખનાં કારણ અને આદિ—અન્તવાળાં અર્થાત્ અનિત્ય છે. એટલા માટે હે અર્જુન! બુદ્ધિમાન વિવેકી પુરુષ એમાં રમ્યા કરતા નથી.'

જો સંસાર આપણો જ હોત તો આપણને યાદ રહેત. પરંતુ પાછલા જન્મનાં ધન, શરીર, કુટુમ્બ વગેરે કેટલાં હતાં. કોણ હતાં એ પણ તમને યાદ સુદ્ધાં નથી. જેવી દશા પાછલા જન્મની વ્યક્તિ, પદાર્થોના સંબંધમાં થઇ તે જ દશા વર્તમાનમાં ધન આદિની થશે. તેથી આ નાશવાન પદાર્થો વગેરે માટે સમજ, સમય અને સામર્થ્યને નષ્ટ ન કરવાં જોઇએ. આ ધન શરીર વગેરે દ્વારા નિષ્કામભાવથી અર્થાત્ બદલામાં કશું મળે એવી ઇચ્છા રાખ્યા વગર સર્વની સેવા કરી દેવી જોઇએ. નિઃસ્વાર્થભાવે જેમની સેવા કરો છો, એમના જ પદાર્થ સમજીને સેવામાં લગાવી દો. તો તમને પ્રસન્નતા થશે અને તમે અસંગ બની જશો. સંસારમાં મારાપણાનો સંબંધ કેવળ બીજાઓની સેવા કરવા માટે છે. આવું કરવાથી તમને પરમાત્માની પ્રાપ્તિ થઇ જશે.

એ નિયમ છે કે આપણે જેને સર્વોપરી અને પોતાનાં માનીએ છીએ તે તરફ આપોઆપ આકર્ષણ થાય છે. એનું ભજન પણ આપોઆપ થવા લાગે છે. ભગવાન શ્રીકૃષ્ણ કહે છે—

**યો મામેવમસમ્મૂઢો જાનાતિ પુરુષોત્તમમ્ ।**
**સ સર્વવિદ્ભજતિ માં સર્વભાવેન ભારત ॥**

(ગીતા ૧૫ । ૧૯)

'હે ભરતવંશોદ્ભવ અર્જુન! જે જ્ઞાની પુરુષ મને આ રીતે તત્ત્વથી પુરુષોત્તમ જાણે છે. તે સર્વજ્ઞ પુરુષ સર્વ પ્રકારે નિરંતર મને વાસુદેવ પરમેશ્વરને જ ભજે છે.' જે પુરુષ પરમાત્માને સર્વોત્તમ જાણી લે છે. એ જ સર્વજ્ઞ છે એટલે કે એની દૃષ્ટિમાં પરમાત્મા સિવાય કશું જ નહીં.



પ્રાયઃ લોકો 'પરમાત્મા છે' એવું માનતા. અર્થાત્ શાસ્ત્ર—વિરુદ્ધ લોકમર્યાદા—વિરૂદ્ધ આચરણ કરતાં ડરતા નથી. જે સર્વત્ર પરમાત્માની સત્તા માને છે, એનાથી દોષ—પાપ થઇ જ કેવી રીતે શકે? અને પરમાત્માને પરમ સૃહૃદ અને પરમ દયાળુ માની લીધા પછી ચિંતા, ભય, દીનતા વગેરે આવી જ ન શકે. કાકભુસુંડિજીને શ્રાપ મળ્યો તોય **'નહીં કછુ ભય ન દીનતા આઇ.'**

**ચિન્તા દીનદયાલ કો મો મન સદા આનંદ ।**
**જાયો સો પ્રતિપાલસી 'રામદાસ' ગોવિન્દ ॥**

આવા પ્રસંગ પર સાધકે સાવધાન રહેવું જોઇએ એટલે કે એવી વિપરીત ધારણા ક્યારે ય ન કરવી જોઇએ કે ભય, ચિંતા, અને શોક આવી ગયા તો મેં પરમાત્માને માન્યા જ નથી; પરંતુ એ કસોટી કરવી જોઇએ કે પરમાત્મા રહેવા છતાં ભય, ચિંતા, શોક મારામાં આવી જ કેવી રીતે શકે?

પરમાત્મા છે—આ તત્ત્વનો બરાબર અનુભવ ન થવાથી તથા સંસાર છે એ માન્યતા ન મટવાથી એવી એક તીવ્ર વ્યાકુળતા થવી જોઇએ. જેથી પરમાત્મા અને સંસારનો તત્ત્વબોધ થઇ જાય. સંસાર દેખાય છે છતાં 'નથી' અને આપણો નથી. પરમાત્મા દેખાતા ન હોવા છતાં 'છે' અને 'આપણા છે'. મન, બુદ્ધિ, ઇન્દ્રિયો વગેરે સાંસારિક વસ્તુઓથી સંસાર દેખાય છે, કેમ કે, જે ધાતુનો સંસાર છે, એ જ ધાતુનાં મન, ઇન્દ્રિયો, બુદ્ધિ

વગેરે છે. **'મનઃષષ્ઠાનીન્દ્રિયાણી પ્રકૃતિસ્થાનિ'** (ગીતા ૧૫ । ૭) મન સહિત પાંચે ઇન્દ્રિયો પ્રકૃતિ (સંસાર)માં સ્થિત છે. આપણું સ્વરૂપ (આત્મા) અને પરમાત્મા (છે) બંને એક જ તત્ત્વ છે– **''મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ''.** (ગીતા ૧૫ । ૭) 'આ શરીરમાં આ સનાતન જીવાત્મા મારો જ અંશ છે.' તેથી જો આપણે આપણી સત્તા (સ્વરૂપ)માં સ્થિત થઇ જઇએ તો હમણાં જ પરમાત્મા દેખાવા માંડશે. સંસારના અંશથી સંસાર દેખાય છે અને પરમાત્માના અંશથી પરમાત્મા દેખાય છે. જ્યાં સુધી આપણી સ્થિતિ 'નથી' (સંસાર)માં રહેશે ત્યાં સુધી પરમાત્મા (સર્વત્ર હોવા છતાં) દેખાશે નહીં, પરંતુ સ્થિતિ જ્યારે 'છે' (પરમાત્મા)માં થઇ જશે, ત્યારે પરમાત્મા જ દેખાશે. તેથી આપણે આજે જ અને અત્યારથી જ દૃઢતાપૂર્વક માની લેવું જોઇએ કે 'પરમાત્મા છે' સર્વત્ર પરિપૂર્ણ છે અને તે આપણા પોતાના સ્વયંના છે.

**નારાયણ! નારાયણ! નારાયણ! નારાયણ!**

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# 'બ્રાયન—નિઃસ્વાર્થ સેવા કદી નકામી જતી નથી'

**—ડૉ. આઇ. કે. વીજળીવાળા**

શિયાળાનો એ અત્યંત ઠંડો દિવસ હતો. અમેરિકાના એક હાઇવે પર સાઇડપાર્કિંગમાં પોતાની વૈભવશાળી કાર ઊભી રાખીને એક વૃદ્ધ સ્ત્રી કોઇની મદદની રાહ જોતી હતી. ફૂલ સ્પીડમાં જતી ઢગલાબંધ ગાડીઓ સામે એણે હાથ હલાવી જોયો હતો, પરંતુ ઠંડી સાંજનો ઝાંખો પ્રકાશ અને અત્યંત ઝડપ તેમ જ વરસતા બરફના કારણે કોઇનું ધ્યાન એના પર નહોતું પડતું અને કદાચ કોઇકનું ધ્યાન પડ્યું હશે તો પણ કોઇ ઊભું નહોતું રહ્યું. એ અમીર માજીના ચહેરા પર ચિંતાની રેખાઓ સ્પષ્ટપણે ઊપસી આવી હતી.

એ માજી નિરાશ થઇને પોતાની કારમાં પાછાં બેસવા જતાં હતાં એ જ વખતે એક જૂની અને ખખડધજ કાર એમની કારની પાછળ આવીને ઊભી રહી ગઇ. એમાંથી સાવ લઘરવઘર લાગતો એક ગરીબ હબસી ડ્રાઇવર ઊતર્યો. પેલા પૈસાદાર માજીને બીક લાગી. કાળા માણસો ઘણી વખત આવી એકલી સ્ત્રીઓને લૂંટી લેતા હોય છે અને અમુક કિસ્સામાં મારી પણ નાખતા હોય છે એ વાતનો માજીને બરાબર ખ્યાલ હતો. એટલે એમને વધારે બીક લાગતી હતી.

એ માણસ એમની પાસે આવ્યો. ભય અને ઠંડી બંનેની ભેગી અસરથી માજીના હથપગ ધ્રૂજવા લાગ્યા. પેલો કાળો માણસ એ માજીનાં ડરને જાણી ગયો. અત્યંત નરમાશથી એ

બોલ્યો, 'મેમ! ગભરાશો નહીં. હું તમને મદદ કરવા માટે આવ્યો છું. તમને એકલાં અટૂલાં અહીં હાઈવે પર ઊભેલા જોયા એટલે હું સમજી ગયો હતો કે તમારી કારમાં કંઈક પ્રોબ્લેમ થયો લાગે છે. મારું નામ બ્રાયન છે. હું પૂછી શકું કે તમારી કારમાં શું તકલીફ ઊભી થઇ છે?'

બ્રાયનના વિવેકી અવાજ અને શિષ્ટ વ્યવહારથી માજીની બીક થોડીક ઓછી થઈ. એમને એ સારો માણસ લાગ્યો. એમણે કહ્યું, 'કંઇ વધારે પ્રોબ્લેમ નથી ભાઈ. ફક્ત ડાબી તરફનું આગળનું ટાયર બેસી ગયું છે અને હું એ વ્હીલ બદલી શકું તેમ નથી.'

બ્રાયને જોયું તો કારની ડાબી તરફનું આગળનું વ્હીલ બેસી ગયું હતું, પરંતુ એક વૃદ્ધ સ્ત્રી માટે તો એ પણ એક અઘરું કામ જ હતું. બ્રાયને એમની ડીકીમાંથી જેક તેમ જ પાના—પક્કડ કાઢ્યા. પછી માજીને કહ્યું, 'માજી! તમે એક કામ કરો. ગાડીમાં બેસી જાઓ. ત્યાં તમને ઠંડી ઓછી લાગશે.'

માજી ગાડીમાં બેસી ગયાં. બ્રાયને વ્હીલ બદલવાનું શરૂ કર્યું.

પેલા માજીની બીક હવે સાવ જતી રહી હતી. કોઈ અજાણ્યો માણસ પોતાને મદદ કરી રહ્યો હતો અને પોતે ગાડી બંધ કરીને બેઠાં હતાં એ એમને યોગ્ય ન લાગ્યું. એમણે બારીનો કાચ ઉતારીને બ્રાયન સાથે વાત શરૂ કરી. 'ભાઈ! હું તમારો આભાર કઇ રીતે માનું? જો તમે ન ઊભા રહ્યા હોત તો આજે રાત્રે આવા નિર્જન હાઈવે પર હું શું કરત? એકાદ કલાકમાં તો સાવ અંધારું પણ થઈ જશે.'

'માજી! મુશ્કેલીમાં ફસાયેલાને મદદ કરવાની આપણી ફરજ છે અને હું ફક્ત એટલું જ કરી રહ્યો છું જે મારે આ સમયે કરવું



જોઈએ. તમે કઈ તરફ જઈ રહ્યો છો?' વ્હીલ બદલતા બ્રાયને કહ્યું.

'હું સેંટ લૂઈ જઈ રહી છું. ત્યાં જ રહું છું.' માજીએ જવાબ આપ્યો. પછી પૂછ્યું, 'ભાઈ બ્રાયન! તમે કામ શું કરો છો?'

કારના વ્હીલનો છેલ્લો બોલ્ટ ફીટ કરીને બ્રાયન ઊભો થયો. એની આંખમાં આંસુ આવી ગયાં. ડીકીમાં પંક્ચર થયેલું વ્હીલ અને જેક વગેરે મૂકતા એ બોલ્યો, 'સાવ બેકાર છું! છેલ્લા બે મહિનાથી મારી પાસે કોઈ કામ નથી.'

એટલું કહી એ પોતાની કાર તરફ જવા રવાના થયો.

અચાનક જ પેલા માજી પોતાની કારમાંથી ઊતરીને એની પાસે આવ્યાં. પર્સમાંથી થોડાક ડોલર્સ કાઢી એને આપવા લાગ્યા, પરંતુ બ્રાયને એ લેવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો. પોતાની ગાડીનો દરવાજો ખોલતા એણે એટલું કહ્યું કે કોઈ પણ દુ:ખી વ્યક્તિ દેખાય તો માજીએ એને મદદ કરવી. હા! એ વખતે બ્રાયનને એ યાદ કરી લે તો પણ વાંધો નહીં!

એ પોતાની ગાડીમાં બેસી ગયો. માજીએ પોતાની ગાડી તરફ જતાં પૂછ્યું, 'ભાઈ બ્રાયન! આગળ નજીકમાં કોઈ રેસ્ટોરંટ હશે ખરું? તમે અહીંના લાગો છો એટલે પૂછું છું.'

'હા માજી! અહીંથી કિલોમીટર્સ આગળ જશો એટલે એક નાનકડું ટાઉન આવશે. ત્યાં હાઈવે પર એક રેસ્ટોરંટ છે. હું પણ એ જ ટાઉનમાં રહું છું. ચાલો, આવજો!' બ્રાયને વિદાય લેતા કહ્યું.

એનો અદ્‌ભુત વ્યવહાર જોઈને માજી આશ્ચર્યચકિત થઈ ગયાં. થોડી વાર એમ જ પોતાની કારમાં બેઠાં રહ્યાં. પછી ધીમે ધીમે એમણે પણ પ્રયાણ કર્યું.

થોડાક કિલોમીટર્સ દૂર ગયા પછી રોડસાઈડમાં જ એક રેસ્ટોરંટ એમણે જોયું. એમણે ગાડી પાર્ક કરી અને અંદર ગયાં. રેસ્ટોરંટ સાવ નાનકડું જ હતું અને એટલું બધું સારું પણ નહોતું. પરંતુ થોડીક પેટપૂજા માટે ચાલશે એવું વિચારી એમણે પોતાની જગ્યા લીધી. આમેય આટલી મોડી સાંજે અને એ ઉંમરે સારા રેસ્ટોરંટની શોધમાં ભટકવાનું એમને યોગ્ય ન લાગ્યું.

'હેલ્લો મેમ! ગુડ ઈવનિંગ! હું તમારી શું સેવા કરી શકું? શું લેવાનું પસંદ કરશો?' એક પ્રેમાળ અવાજે એમને વિચારોમાંથી બહાર લાવી દીધાં. માજીએ જોયું તો એક વેઈટ્રેસ એમનો ઑર્ડર લેવા માટે ઊભી હતી. એ થાકેલી લાગતી હતી, પરંતુ પ્રેમાળ હાસ્ય સાથે પૂછી રહી હતી. માજીના ભીના વાળ લૂછવા માટે એણે નેપ્કીન આપ્યો. પાણી મૂક્યું. માજી જોઈ રહ્યાં. એ વેઈટ્રેસને પૂરા મહિના જતા હતા. પ્રેગનન્સીના છેલ્લા મહિનાઓમાં પણ એ કામ કરી રહી હતી. એ પણ આવા ફાલતું રેસ્ટોરંટનું થકવી નાખતું કામ એને કરવું પડતું હશે. માજીને થયું કે એ સ્ત્રીની આર્થિક હાલત કેટલી ખરાબ હશે કે આવા છેલ્લા દિવસોમાં પણ એ આવું દોડાદોડી અને શ્રમવાળું કામ કરી રહી હતી. આ બધું વિચારતા એમણે પોતાનો ઑર્ડર નોંધાવ્યો. થોડી વારમાં એમણે મગાવેલ વાનગી પેલી વેઈટ્રેસ મૂકી ગઈ.

જમવાનું પતાવીને માજીએ બિલ મગાવ્યું. બિલ ફક્ત થોડા ડૉલર્સ જ થતું હતું છતાં માજીએ ૧૦૦ ડૉલરની નોટ મૂકી. વેઈટ્રેસ છુટ્ટા પૈસા લેવા ગઈ. એટલી વારમાં જ હળવેથી એ માજી ત્યાંથી રવાના થઈ ગયાં.

વેઈટ્રેસ છુટ્ટા લઈને પાછી આવી ત્યારે માજી ત્યાં નહોતાં. પ્લેટ પાસે બીજી એક ૧૦૦ ડૉલરની નોટ પડી હતી. બાજુમાં



પડેલા પેપર નેપ્કીન પર લખેલું હતું કે 'ડિયર! આ બધા જ પૈસા તારી ટીપના છે. તારે મને કંઈ જ પાછું આપવાનું રહેતું નથી. હું પણ થોડાક કલાકો પહેલાં મુશ્કેલીમાં હતી ત્યારે કોઈકે મને નિઃસ્વાર્થ મદદ કરી હતી. એ વ્યક્તિના કહેવા મુજબ હું તને મદદ કરી રહી છું. આપણે બધાએ બીજાને મદદરૂપ થવાની આ ભાવનાને અને નિઃસ્વાર્થ પ્રેમની આ સરવાણીને જીવંત અને વહેતી રાખવી જોઈએ!'

વેઈટ્રેસની આંખમાં આંસુ આવી ગયાં. પંદર દિવસ પછી જ એની ડિલિવરી થવાની હતી. આવનાર બાળક માટે જરૂરી ચીજવસ્તુઓ, કપડાં વગેરે લેવા માટે જાણે ભગવાને જ મદદ મોકલી હોય એવું એને લાગ્યું.

સાંજનું થકવી નાખતું કામ પતાવી, બધા ટેબલ સાફ કરી ઘરે જતી વખતે એ વેઈટ્રેસને સતત એ જ વિચાર આવતો હતો કે પેલા માજીને કઈ રીતે અંદાજ આવી ગયો હશે કે પોતે ખૂબ જ આર્થિક મુશ્કેલીમાં છે? આમ તો એને આખી ઘટના એક ચમત્કાર જેવી જ લાગતી હતી. ઘરે પહોંચી આ બધા વિચારોમાં જ એણે પથારીમાં લંબાવ્યું. પોતાના પતિના મોં પર પણ અત્યંત ચિંતાઓ લીંપાયેલ જોઈને એણે એના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યું, 'બધું જ ઠીક થઈ જશે. તું જરાય ચિંતા કરતો નહીં. ભગવાને આપણા માટે પૈસાની વ્યવસ્થા કરી દીધી છે, બ્રાયન!'

બ્રાયન આશ્ચર્ય અને રાહતભરી નજરે પોતાની પત્ની સામે જોઈ રહ્યો!

પ્રેરક પ્રસંગો

# શીવની નેત્રયજ્ઞ

–દમયંતી સેજપાલ, સંક્ષેપઃ–પરમાર્થી

**'મારા ગુરુદેવ' પુસ્તકનાં લેખિકાબેન છે શ્રી દમયંતીબેન**
**નોંધઃ–અહીં જે હુંનો ઉલ્લેખ છે, તે લેખિકાબેન દમયંતીબેન સેજપાલનો છે.**

શીવની નાગપુર સ્ટેશનથી લગભગ ૮૦ માઈલ દૂર. નાગપુર સ્ટેશન પર કાર્યકર ભાઈ બહેનો વાહનો લઈને સામાં આવ્યાં હતાં. બધાં એકબીજાથી પરિચિત. તેથી દરેક જણે વિચિત્ર નજરે મારી સામે જોવા માંડ્યું. મારી વિસામણનો કોઈ પાર ન હોતો ને નજરોનો ભાર મારાથી ન સહેવાયો. હું આડું જોઈ ગઈ.

બીજે દિવસે તા.૨૧ નવેમ્બરે સવારે લગભગ પાંચેક વાગ્યે પૂજ્યશ્રી કેમ્પમાં પધાર્યા. સમાચાર સાંભળતાં હું ઉમંગભેર એમનાં દર્શન કરવા ગઈ.

પૂજ્યશ્રી લાકડાના પાટ પર બિછાવેલા કંતાનના ગાદલા પર બિરાજમાન હતા. સખત ઠંડી હોવાથી તેઓશ્રીના મસ્તક પર આછા કથ્થઈ રંગની ગરમ ટોપી ને અંગ પર ઘેરા કથ્થઈ રંગની શાલ શોભતી હતી. શિષ્યો એક પછી એક શ્રીચરણોમાં માથું નમાવી પ્રણામ કરી રહ્યા હતા. ખોળામાં રહેલા તકિયા પર થોડા ઝૂકી જઈ તેઓશ્રી દરેક સાથે થોડીઘણી વાતચીત કરી લેતા હતા.



વારો આવતાં પાસે જઈને હૃદય પૂરા ભાવ સહિત મેંય એમને વંદન કર્યાં. પરંતુ અહીં પણ જાણે કસોટી હતી. પૂજ્યશ્રીએ મારી સામે જોયું પણ નહીં. મારી આંખોમાં ઝળઝળિયાં આવી ગયાં.

રૂમની બહાર નીકળીને હું વિચારી રહી : 'હું અહીં આવી જ શા માટે? પાછી મુંબઈ ચાલી જાઉં' પરંતુ એવું કંઈ પણ કરી શકી નહીં. કોઈક અજબ તત્ત્વે મારા મન પર પક્કડ જમાવી હતી. મહાપ્રયત્ને મેં આંસુ ખાળ્યાં. અને અજવાળું થતાં કેમ્પમાં ફરીને બધું જોવા માંડ્યું.

વિશાળ મેદાનમાં વાંસ, વલ્લી અને કંતાન જ વિવિધ સ્વરૂપે દેખાતાં હતાં.

કેમ્પમાં ચાર જાતનાં રસોડાં હતાં. દરેક પર અલગ નામઃ સંત રસોડું, સમષ્ટિ રસોઈ ઘર, ગુજરાતી રસોઈ ઘર અને ડૉક્ટરોનું રસોડું.

ખુલ્લા મેદાનમાં આઠેક વોર્ડની બરાબર વચ્ચે નર્સ તથા સ્વયંસેવકો માટે ખુરશીઓ મૂકેલી હતી. ટેબલ પર એક પેટીમાં તાત્કાલિક ઉપયોગમાં લઈ શકાય તેવી દવાઓ હતી. ખૂણામાં પડેલી પિત્તળની કોઠીમાં દર્દીઓ માટે સ્વચ્છ પાણી હતું. બાજુમાં જગ તથા ગ્લાસ પડ્યાં હતાં.

વોર્ડની બહાર એક બાજુએ પાંચ સાત ભાઈઓ ખાટલામાં રસ્સી બાંધી રહ્યા હતા. બીજી બાજુ થોડા ભાઈઓ કંતાનમાં સીવેલાં બે પડની વચમાં સૂકું ઘાસ ભરતાં હતાં. આગળ થોડે દૂર કંતાનની બનેલી છાપરીવાળી એક ઓરડી દેખાઈ એના પર લખ્યું હતું : 'ચાય ઘર' અંદર થોડાં ભાઈબહેનો બેઠાં હતાં. મોટા

તપેલામાં ચા ઊકળી રહી હતી. ચામાંથી નીકળી રહેલી ગરમ ગરમ સુગંધી વરાળથી જ જાણે અંદર બેઠેલા સહુની ઠંડી ઊડી જતી લાગી.

ત્યાંથી જ આસપાસ નજર નાખી વસ્તુભંડારમાં રજાઇ, ધૂંસા, કંતાન અને નાનો મોટો જરૂરી સામાન ભર્યો હતો અને કોઠાર? ક્યાંય નાખી નજર ન પહોંચી. ચારે બાજુ ઘઉં, દાળ, ચોખા, બટાટાની ગુણો, ઘી, તેલના ડબ્બા અને મસાલા જ દેખાતાં હતાં. સાક્ષાત્ અન્નપૂર્ણા જ જાણે ન આવી વસ્યા હોય? કોઠારની બરાબર વચમાં એક પાટ પડ્યો હતો. એના પર કંતાનનું ગાદલું બિછાવેલું. વગર પૂછેજ સમજાઇ ગયું કે એ પૂજ્યશ્રી માટે છે.

બધું જોયા પછી હું કેમ્પના મુખ્ય દરવાજાની બહાર ગઇ ત્યાં 'પૂછતાછ ઓફિસ'માં રાખેલી ટેલીફોન, ટપાલપેટી વગેરેની સગવડ ધ્યાન ખેંચે તેવી હતી.

બરાબર નવ વાગ્યે, પૂજ્યશ્રીની હાજરીમા ડૉક્ટરોએ 'જાંચઘર'માં દર્દીઓને તપાસવાનું કામ ચાલુ કર્યું. મુંબઇથી આવેલા ડૉ. જોષી, ડૉ. જોગલેકર, ડૉ. ઝવેરી, ડૉ. છબીલભાઇ અને રાજકોટથી આવેલા ડૉ. દવે દર્દીઓથી ઘેરાઇ ને ઊભા હતા.

જેને દાખલ કરવામાં આવે તેના ગળામાં રોગ મુજબનાં લીલાં, પીળાં, ગુલાબી રંગના કાર્ડ પહેરાવવાનાં હતાં. કાર્ડમાં આગળના ભાગમાં દર્દીનું નામ ઉંમર, ગામનું નામ, રોગનો પ્રકાર, પ્રવેશની તારીખ, ઓપરેશન કરનાર ડૉકટરનું નામ, છુટ્ટીની તારીખ અને પાછળના ભાગમાં વોર્ડ નંબર, ખાટલા



નંબર, લાઇન નંબર વગેરે છાપેલું હતું. કાર્ડની ઉપર બરાબર વચમાં એક કાણું પાડી એમાં સીંદરી પરોવીને એને હાર જેવો આકાર આપવામાં આવ્યો હતો. દાખલ કરવામાં આવેલ દર્દીઓને એ હાર પહેરાવી દેવાતો હતો. જાંચઘરમાં સખત ગિર્દી હતી. બધું કામ સંપૂર્ણ વ્યવસ્થિત રીતે, કાળજીપૂર્વક અને યંત્રની ઝડપથી થતું હતું.

દર્દીઓની દશા જોઇને હૃદયમાં હમદર્દીનું એક મોજું ઊઠ્યું. હું થોડી પાસે ગઇ પરંતુ....?

સહી ન શકાય એવી દુર્ગંધ એ સહુના અંગે અંગમાંથી, કપડામાંથી, મોઢામાંથી આવી રહી હતી. નાકે રૂમાલ દાબીને હું બે ડગલાં પાછળ હટી ગઇ.

બરાબર એ જ વખતે લાકડી ઠપકારતાં ને હવામાં હાથ વીંઝી રસ્તો શોધવા પ્રયાસ કરતાં એક ડોશીમા ગડથોલું ખાઇ ગયાં. એમનો એક હાથ મારી પીઠ પર પડ્યો. તરતજ મને બે હાથે પકડી લઇ એ અતિ દીનભાવે બોલ્યાં : 'બેટા, મારું અહીં કોઇ નથી. શું હું આ આંખે ફરી જોઇ શકીશ? વરસોથી આંખે મોતિયા આવ્યા છે. જીવન લાચાર ને પરાધીન થઇ ગયું છે. ગામમાંથી સાથીઓ જોડે અહીં સુધી તો આવી. પરંતુ આ ધમાલમાં હું એ લોકોથી છૂટી પડી ગઇ છું. હું સાવ અકેલી છું બિટિયા?' આટલું બોલતાં તો એની આંખમાંથી શ્રાવણ–ભાદરવો વરસી પડ્યો. એ આંસુમાં મારું હૃદય ભિંજાયું. સાક્ષાત્ નારાયણ જ જાણે ગરીબોને સ્વાંગ સજી, મનુષ્યોની માનવજાતને પડકારતા–એમની પરીક્ષા કરતા ફરી રહ્યા હતા ને હું એમાં નાપાસ થઇ ગઇ હતી.

મને ખૂબ પસ્તાવો થયો. મેં ધીરેથી ડોશીમાનો હાથ પકડ્યો. એમના ગળામાં મોતિયાબિંદુનું, આછા લીલા રંગનું કાર્ડ લટકતું હતું. ભરતી થએલા દર્દીઓને એકબીજાના ખભ્ભા પર હાથ મુકાવી, દસદસની લાઇન બનાવડાવી એક સ્વયંસેવક ભાઇ સંભાળપૂર્વક વોર્ડમાં લઇ જતા હતા. એ લાઇનમાં હું એમને મૂકી આવી.

કામમાં મને આનંદ આવ્યો. મારા વિક્ષિપ્ત મને એમાં શાંતિ અનુભવી. આખો દિવસ એમાં જ પસાર થઈ ગયો. રાત્રે આરામથી સૂતી, બીજે દિવસે ગુરુમંદિરમાં ન જવાનો સંકલ્પ કરીને!

એક તો સંતમહાત્માઓ પ્રત્યે જન્મથી જ ઉપેક્ષાવૃત્તિ હતી. તેમાં માંડ માંડ આ એકમાં શ્રદ્ધા બેઠી. તો એમણે જ હડસેલો માર્યો, હવે ત્યાં જઇને શું વધુ ઉપેક્ષિત થવું? મારામાં રહેલા 'હું'ને જાણે કોઇએ જોરથી થપ્પડ મારી હતી પરંતુ સવાર પડતાં જ ભૂતાવળ જેવા આ વિચારો ભાગી છૂટ્યા ને અનાયસે મારા પગ ગુરુ મંદિરની દિશા તરફ ચાલ્યા. ગઈ તો ખરી પણ દરવાજામાં જ અટકી ગઇ.

પૂજ્યશ્રીની તરત નજર પડી. હસતાં હસતાં એ બોલ્યા : 'આઓ, તુમ્હારા નામ દમયંતી હૈ ને? બંબઇ મેં વાલજીભાઇ મુઝે કહ રહે થે કિ મેરી લડકી શીવની મેં સેવા કરને ગઇ હૈ. વહ અકેલી હૈ તો આપ ઉસકા ખ્યાલ રખિયેગા.'

મને આગળ વધવાની હિંમત આવી.

એ આગળ બોલ્યા : 'સુનો, તુમકો યહાં પર કોઈ કષ્ટ તો નહીં હૈ ન? મુસીબત હો તો બિના સંકોચ બતા દેના. મૈં તુમકો



સબ સુવિધા કર દૂંગા. લેકિન કિસી ભી પ્રકાર કી તકલીફ નહીં ઉઠાના. જબ હી તુમ્હારી ઈચ્છા હો તબ તુમ મેરે પાસ આ સકતી હો. લો ઈસ લે જાઓ.'

મેં ગોઠણિયે પડી, જમીનને માથું લગાડી તેઓશ્રીને પ્રણામ કર્યા ને ખોબો ભરીને આપેલા કાજુ લઇ, આંખમાં આવેલાં આંસુ છુપાવવા રૂમ તરફ દોટ મૂકી. ના, એ ફક્ત ઔપચારિક શબ્દો નહોતા.

મેં ગઇ કાલે વેઠેલી માનસિક વેદનાનું એ ઔષધ હતું.

શીવનીમાં કુલ ૩,૩૦૦ ઓપરેશન થયાં.

**(ક્રમશઃ)**

**✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પ્રભુનો મંચ—પૂ. મા

જયુ ભક્ત

## પ્રભુના મંચે-સત્કર્મો ને સાધનાનો સમન્વય-એટલે પૂ. મા

પ્રકાશના પંથે પ્રથમ આવૃત્તિમાં પાના નં. ૯૪૪ પર પૂ. શ્રી પ્રભુએ જે પ્રાર્થના લખી છે તે સુચારુરૂપે આ વિષયની પૂર્તિ કરે છે.

"મને તમારો પૂર્ણ કૃપાપાત્ર બનાવી દો. પછી તમારા પ્રેમમાં મસ્ત બનીને, તમારી કૃપા ને શાંતિથી સુશોભિત થઈને, તમારી સાથે રહીને તમારી મહિમાને સંસારમાં ફેલાવવાના ને માનવજાતિને શાંતિ તથા પ્રકાશનો નવો પંથ બતાવવાના મહાકાર્યમાં હું મૂક રીતે તમારી ઇચ્છા પ્રમાણે જોડાઈ જાઉં."

બાહ્ય રીતે આપણી નાનકડી આંખોએ નિત્ય નવી રીતે પૂ. શ્રી પ્રભુને મૂક રીતે એટલે કે મૌન રહીને પૂ. માના વ્યક્તિત્વમાં પૂ. માના વિવિધ કાર્યોથી નિહાળ્યાં છે. જેમકે—

★ સ્વર્ગારોહણનું તીર્થરૂપે સર્જન.

★ સર્વમંગલનું સંવર્ધન.

★ સાધનાક્ષેત્રે નિત્ય નવા આવિષ્કાર.

★ સ્વર્ગારોહણના આંગણે વિવિધ સત્કર્મો.

★ આપણા જેવા અનેકોના જીવનના ઉત્થાનનું મહાકાર્ય—યુગકાર્ય.

★ 'અધ્યાત્મ' માસિકનું બીજમાંથી વટવૃક્ષમાં રૂપાંતર.

પૂ. માને મૌન છતાં મંચ ઉપર સર્વત્ર માત્ર ને માત્ર પ્રભુ જ



હોય! પૂ. મા સઘળો શ્રેય પ્રભુને ધરે, પણ તેની પાછળ પ્રભુની આરાધના અને તેના ઉપર પૂ. માની પૂર્ણકૃપાના વરસાદની રેલમછેલમથી બંનેના પ્રેમનો દરિયાપૂર. હે મા! આપની જ કૃપાથી આપે જ અમને એ પ્રેમસમંદરમાં સ્નાન કરાવ્યું છે તો ક્યારેય તેમાંથી બહાર ના જવા દેશો. પ્રણામ મા.

—જયુ ભક્ત

## પ્રભુના ના દેખાતા મંચે, પૂ. મા જ કાર્ય કરી રહ્યાં છે

મારા વ્હાલા માના પાવન ચરણોમાં પ્રણામ. મામય પ્રભુ ને પ્રભુમય મા....

"કોણ મૂળ ને કોણ શાખા? એ કહેવું અઘરું છે" શુ ભગવતી જગદંબા મા, પ્રભુ દ્વારા પોતાના નિર્ધારિત કાર્યો કરાવી રહ્યા હતા? કે પ્રભુ પૂજ્ય મા દ્વારા પોતાના કાર્યો કરાવી રહ્યા છે? ચોક્કસ કહેવું અઘરું.

આપણા માટે તો એ જ સદ્ભાગ્ય છે કે આવા પરમાત્મારૂપ પ્રભુ ને પૂ. મા આપણને મળ્યાં. આપણે એ શીખવાનું રહે કે આપણે સદ્ગુરુદેવના એવા બાળકો બનીએ કે આપણે એમના યુગકાર્યો કરવામાં નિમિત્ત બનીએ. એની માટે આપણે મનને ખુલ્લું રાખવાની જરૂર છે. જેથી મા—પ્રભુ આ સત્કાર્યોનો રાહ આપણને બતાવી રહ્યાં છે તે સર્વ આપણે પણ એવી જ શ્રદ્ધા ને સમર્પણથી કરી શકીએ.

પ્રભુના વિવિધ કાર્યો અત્યારે મા કરી રહ્યાં છે. ગુરુભક્તિ શું હોય તે આપણને મા શીખવી રહ્યાં છે.

મા—પ્રભુને એ જ પ્રાર્થના કે અમને સતત આપને

સમજવાની શક્તિ ધરજો, સુખી કરજો, આશીર્વાદ આપજો, કૃપા કરજો. મા—પ્રભુથી અમે કદી છૂટા ના પડીએ.

—બિજલ ભટ્ટ

## મને અને મારા પરિવારને સાચવવાનું કાર્ય— પૂ. માએ જ કર્યું છે.

શ્રી માનો પર્યાય—અદ્‌ભુતતા—સદાનું આશ્ચર્ય મારે માટે રહ્યું છે. દરેક કાર્યનો યશ પૂ. શ્રી પ્રભુના શિરે જ શ્રી મા ધરે છે.

જ્યારે આ જીવનાં જીવનનો સઘળો ભાર શ્રી માએ લખી આપ્યું છે. પ્રભુએ આ ત્રણ બાળકો માને સોંપ્યાં છે. પૂ. શ્રીએ સોંપ્યા તો શ્રી મા આજ સુધી પૂરી પ્રામાણિકતાથી સંભાળી રહ્યાં છે. સદા સદા મારા જીવનના પ્રસંગો મને આશ્ચર્યચકિત કરી રહ્યા છે. સાચે જ શું આ કાર્ય દમયંતી સંભાળે છે? ના, ના, એ તો પ્રભુનો મંચ સંભાળતાં પૂ. મા જ સંભાળી રહ્યાં છે. ખેતી કરવી, બાળકોની સંભાળ, સત્સંગ, વ્યવહાર કુશળતા, સાધના અરે, પ્યાલો કેમ પકડવો સઘળી જવાબદારી શ્રી માએ આ જીવનની સંભાળી છે, સંભાળી રહ્યાં છે અને અતૂટ વિશ્વાસ છે કે આગળ ઉપર પણ એ સંભાળશે જ. પ્રભુના મંચ—શ્રી માના શ્રી ચરણે અનેક પ્રણામ.

અરે, અનેક યાદગાર યાત્રાઓ શ્રી મા કરાવે છે, કરાવી રહ્યાં છે. આ જીવની શી હેસિયત? આ તો પેલા શ્રી મા અદશ્ય રીતે આ જીવને કેવું કિંમતી ધરી રહ્યાં છે. અડધુ તો મને સમજાતું પણ નથી પણ જ્યાં મુશ્કેલી દૂરથી દેખાતી હોય તો એ મુશ્કેલીની મજાલ છે મારી પાસે ફરકે? શ્રી માનો સતત ચોકી



પહેરો છે જ. આ જીવની આસપાસ, આગળ પાછળ શ્રી માની જ અવનવી કૃપા પ્રવર્તમાન છે.

શ્રી માની કૃપાનો જય જયકાર હો. ગુણગાન ગાવાની શક્તિ આ કલમ પાસે ક્યાં છે? પૂ. શ્રી પ્રભુના મંચેથી શ્રી માએ જે કર્યું છે તે સૌ કૃપાને પ્રણામ હો, પ્રણામ હો. માની કૃપા જ આ જીવનું જીવન છે. આપની ઈચ્છા પ્રમાણે જ જીવાડો. મારા જેવા કેટલાય મૃતઃપ્રાય જીવનને જીવંત બનાવી ખીલવી ધબકતાં કર્યાં, ફોરમવંતા કરી રહ્યાં છો. આપના શ્રી ચરણે શું ધરીએ? પ્રણામ હો. આ જીવનમાં સદા માની ઈચ્છાનો ને પૂ. માની લીલાનો જય જયકાર હો. પ્રણામ હો.

—દમયંતીબેન ભક્ત

પૂ. પ્રભુ અને પૂ. મા એ પૃથ્વીપટે એ દર્શાવ્યું છે કે એક ભગવદ્‌સ્વરૂપની સમર્થતા ફક્ત પ્રભુના દર્શનની કે પ્રભુને પ્રગટાવવાની નથી, પણ એક સંતને પ્રગટાવવાની છે અને સમર્થતાની પરમસીમા તો કેવી સરસ! કે પ્રભુએ પૂ. માને પ્રગટાવ્યાં અને એ જ પૂ. માએ પ્રભુને સમાવી લીધા. એ પરમતત્ત્વ કદી જુદા હતાં જ નહિ. પ્રભુના પદોની કોઈપણ પંક્તિ યાદ કરીએ.....

**''કરુણા પોતે ક્ષમા હંમેશા,**
**ભક્તોના અપરાધ કરો,**
**રૂપ મનોહર વિશ્વ મોહિની,**
**સૌનું એ મંગલ કરનારી.''**

તો એ પરમ સત્ય છે કે આ બધી જ પ્રાર્થનાનો પ્રત્યુત્તર આ

સુમધુર, કરૂણામયી અને કૃપામૂર્તિ પૂ. મા સિવાય કાંઈ જુદુ હોઈ જ ન શકે! એ ચિરંતન સ્વરૂપ મનુષ્યરૂપે પ્રગટ થયું. જેના હૃદયમાં મા જગદંબા પ્રત્યેનો અસીમ અને અડગ ભાવ, જેની પ્રાર્થના ને ઝંખના જાણે અનંત અને અથાગ સમુદ્રોના પ્રવાહ કરતાં પણ વિસ્તૃત. તો એ જગદંબા માને પણ થયું કે પૂ. શ્રી યોગેશ્વરજીની પ્રાર્થનાનો પ્રત્યુત્તર દર્શનથી જ નહિ પણ સ્વયં પ્રગટ થઈને, સાક્ષાત થઈને જ આપવો પડે. પ્રભુની પ્રાર્થનાની તીવ્રતા, નિયમોની પ્રમાણિકતા, સમાજસેવાની નિઃસ્વાર્થ કરૂણા એ બધુ જ પ્રત્યક્ષપણે અત્યારે પૂ. માના અંદર નિહાળી શકીએ છીએ. પૂ. મા એ સતત પ્રભુનું ઝંકૃત સ્વરૂપ છે એટલા માટે જ કહી શકીએ **"પ્રભુનો મંચ—પૂ. મા."**

**—પૂજા ત્રિવેદી**

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# પૂ. માના સાંનિધ્યે—એક અભિનવ પારાયણ

(ગતાંકથી ચાલુ) જ્યોત્સ્નાબેન ત્રિવેદી

**પ્રકરણ ૧૫૦ :— ગાંધી નિવાસ સોસાયટીમાં.**

**પ્રકરણ ૧૫૧ :—ચંપકભાઈ ચાલ્યા ગયા.**

**પ્રકરણ ૧૫૨ :—સરીલા, કલકત્તા, મુંબઈ.**

**પ્રકરણ ૧૫૩ :—ગાંધીજીનો અદ્‌ભુત અનુભવ.**

પૂ. શ્રી મા :—૧૯૮૩ માં પૂ. શ્રી સાથે ડરબન સાઉથ આફ્રિકા અમે ગયાં. ડરબનમાં ગાંધીજીનો ફીનીક્સ આશ્રમ છે. અમે ત્યાં ગયાં, તો તે આશ્રમમાં એક પુસ્તકાલય હતું. ગાંધીજીના ઘણા ઘણા ગ્રંથો તેમાં મૂકાયેલા હતા. અમે ધ્યાનથી જોયું. એમાં "ગાંધી ગૌરવ" પુસ્તક પણ હતું. પૂ. શ્રી સ્થૂળ રૂપે આશ્રમમાં પધારે તે પહેલાં અક્ષર દેહે તો ક્યારના પહોંચી ગયા

**પ્રકરણ ૧૫૪ :—ભગવાન રમણ મહર્ષિના અનુભવો :—**

પૂ. શ્રી મા :—અમે એવા સદ્‌ભાગી છીએ કે આવા મહાપુરુષનું પૂ. શ્રીના અનુભવે સાબિત કરી આપ્યું કે તેઓ સ્થૂળ શરીરે પૂ. રમણ મહર્ષિ સાથે વાર્તાલાપ કરીને પુસ્તકનું નિર્માણ કરે છે.

**પ્રકરણ ૧૫૫ :—ઉડિયા બાબાનો મેળાપ.**

પૂ. શ્રી મા :—બદરીનાથની એ યાત્રામાં મસૂરીના રતનલાલજી સાથે હતા. તેઓ કહે છે ઉડિયા બાબાના દર્શન થયા ને પૂ. શ્રીના પૂર્વજન્મની માહિતી પણ રતનલાલજીએ

સાંભળી હતી. (પૂ. શ્રી આગલા જન્મમાં રામકૃષ્ણદેવ હતા તે)

નોંધ :—ઈશ્વર આવા મહાનુભાવોને કોઈને કોઈ રીતે ક્યારે અને ક્યાં પ્રગટ કરે છે, તે કોઈને ખબર પડતી નથી. ભારત જ એવા મહાપુરુષોનું ઉદ્‌ગમ સ્થાન છે.

**પ્રકરણ ૧૫૬ :—શ્રી મોરારજીભાઈનો મેળાપ અને બીજા પ્રસંગો.**

**પ્રકરણ ૧૫૭ :—સુવર્ણ પ્રભાત.**

પૂ. શ્રી મા :—દેશની દુર્દશા જોઈને કેટલી બધી વ્યથા આ પ્રકરણમાં ઠલવાઈ છે! આધ્યાત્મિક ક્ષેત્રે પૂ. શ્રી ના હોત તો એક ઉત્તમ રાજપુરુષ બની ગયા હોત. જગતના ઈતિહાસનું રેખાદર્શન શ્રી નહેરૂએ લખ્યું એ રીતે પૂ. શ્રી પણ ભારતનું રેખાદર્શન લખી શક્યા હોત! પોતાના દેશ માટે કેવી ભક્તિ, કેવી શ્રદ્ધા, કેવી આશા ને કેવી પ્રાર્થના!

જી.ટી. બોર્ડીંગથી ખાદી પહેરવાનું શરૂ કરેલું જીવનભર એ જ ખાદી પહેરી. રાષ્ટ્રભક્ત મહાપુરુષ તરીકે પણ પૂ. શ્રી વંદનના અધિકારી છે. ૧૧૦૦ પૃષ્ઠમાં પોતાના જીવનની પ્રામાણિક કથા જરૂર જેટલી જ લખી છે. બીજાં ૧૧૦૦ પૃષ્ઠો ગુપ્ત ખજાનાના જ છેક અકબંધ રહી ગયાં. જેટલું જીવ્યા, જેટલા અનુભવો પામ્યા તે બધું જ એમણે નથી લખ્યું, છતાં જે જે લખ્યું છે તે અતિ મૂલ્યવાન છે. અહીં પ્રકાશ પંથનો પારાયણનો ગ્રંથ પૂરો થયો ગણાય પણ તે પછી પૂ. શ્રીએ કરેલી વિદેશયાત્રા પણ હજી વાંચવાની બાકી છે. પારાયણ પૂર્ણ થયું ગણાય.

આજે પ્રકાશપંથના ગ્રંથની પારાયણની પૂર્ણાહૂતિ થઈ. તે પ્રકાશ પંથ ઉપર પગલાં ભરવાનો પ્રારંભ થયો. પારાયણ કરનારની પ્રકાશ પંથ ઉપર પગલાં ભરવાની પારાયણના પર્વે



એકાદ નાનકડો નિયમ લેવાનો છે. જે જાણે છે તેને તે કરવું પડે. શ્રી ગંગાજી પોતે પણ એક ઉત્તમ શ્રોતા છે તે ગુજરાત નથી આવી શકતાં તો આપણને તેડે છે.

૯ વર્ષના એ નાનકડા બાળકે પૂ. માતાજી પર જે પત્રો લખ્યા હતા તેમાંના બે પત્રોનું વાંચન થાય છે.

પૂ. શ્રી મા :—રામાયણમાં આવે છે. (વાનરસેનાનાં) મન રામમય થઈ ગયાં એટલે બાણની વર્ષાથી તેમની રક્ષા થઈ. આપણા મન ૧૧ દિવસથી પ્રકાશ પંથમય થઈ ગયાં છે ૮ થી ૮ (સવારના આઠથી રાત્રિના આઠ) બેઠક શ્વાસ લેવાનો પણ સમય ના મળે. અમારા નિર્મલ એક જ વાત કહે મા તમને પાંચ મિનિટ પણ મળતી નથી. ૧૧ માં દસ બાકી હોય ત્યારે માના પ્રણામ પતે એટલે મા આવી જાય. સતત મન આપણું પારાયણમાં રહ્યું. મા તો બાર દિવસથી બહાર જ ગયાં નથી. ગંગાજી અને પ્રકાશ પંથ બે પૂરતાં છે. બહાર બધાં ફરસાણ અને ચવાણું આરોગ્ય બગાડે તેવાં છે, બે જ મિષ્ટાન્ન પ્રકાશ પંથ અને ગંગાજી.

## નવ મંત્રગાન

ૐ યોગેશ્વરાય નમઃ મંત્ર જ્યારે બોલીએ ત્યારે અંતરમાં એક ભાવ જાગવો જોઈએ કે આકાશમાં પ્રભુ એક વિરાટ સ્વરૂપે ઊભા છે. એમનાં શ્રી ચરણો આપણી આંખ સમક્ષ છે. તે ચરણો મંત્ર બોલીને પકડી લેવાનાં છે. તો પછી પેલી અવકાશમાં છત્રી લઈને ....... ઉડે છે તેમ આપણે ઉડીશું. સાચા સંતોના શ્રી ચરણો નૌકા બનીને તારે.

પૂ. શ્રી મા :—એક સાધક બહેનને, બહેન! તે અનાજને હાથે દળવાની ઘંટી જોઈ છે. તેમાં દાણા બે પડની વચ્ચે પીસાઈ જાય,

પણ કેટલાક દાણા ખીલાની પાસે જ રહે છે. ખીલાની ફરતે જ ફર્યા કરે છે તે પીસાતા નથી. તેમ પ્રભુની આસપાસ જ રમતા રહેવું એટલે પિસાઇ ના જવાય. શંકર મહારાજ અમદાવાદમાં હતા મા એમના દર્શને ત્રણ ચાર વાર ગયેલાં, તેમના ઘણાં પદો ખૂબ સરસ છે. એક પદમાં તે લખે છે—

***તનથી નહિ તો મનથી રહો મારી પાસે,***
***શંકર ન માંગે બીજી ગુરુ ભક્તિ આપો.***

માએ કેટલાકને આ લીટી મોઢે કરાવી છે—

***ઊઠી પ્રભાતે ચરણે નમું છું,***
***ગુરુને મસ્તક મન મૂકીને મળું છું.***

ગુરુને એટલે તનથી નહીં, પણ મનથી પ્રભુને કહેવું મારી સાથે જ રહેજો.

ૐ યોગેશ્વરાય નમઃ ના ત્રણ મંત્ર વામનના વિરાટ પગલા જેવા છે. આપણા અસ્તિત્વ ઉપર મંત્ર સાથે પ્રભુને આવકારીને નમતા રહેવું.

હે પ્રભુ! આ ત્રણ મંત્ર આપના ત્રણ વિરાટ પગલાં જેવા છે. મારા અસ્તિત્વ ઉપર પગલાં પાડી મને નામશેષ કરી દો. પ્રભુને પગલાં પાડવા આપણા જીવન જેવી ઉત્તમ ધરતી એક પણ નથી, તેમ માનવું.

આપણે જ્યારે જ્યારે મંત્રગાન કરીએ છીએ ત્યારે ૐ બોલો ત્યારે શ્વાસ અંદર લો, યોગેશ્વરાય બોલીએ ત્યારે કાઢો, નમઃ બોલો ત્યારે બહાર રોકો. જેટલો ૐ લંબાવીએ તેટલો શ્વાસ ધીમે ધીમે અંદર લેવાનો.

(સંપૂર્ણ)



# છાસની હાશ (૨)

**જ્યોત્સ્નાબહેન ત્રિવેદી**

(ઓક્ટો. ૧૩ ના અંકમાં ભાદરવી પૂનમ નિમિત્તે જે પદયાત્રીઓ કષ્ટ વેઠીને દૂર દૂરથી આવતા હોય તેમને માટે શુદ્ધ જળ, મીઠી છાશ, પગની સારવાર તેમજ આશ્રય જેવી સેવાઓ સ્વર્ગારોહણ તીર્થના દ્વારે દર વર્ષની જેમ આ વર્ષે પણ આપવામાં આવી તેની વિગતો આપવામાં આવી હતી. થોડી વિશેષ વિગતો જગ્યાના અભાવે આપવાની રહી ગયેલી, આ વિગતોમાં બે વાતોનો સમાવેશ છે. એક તો અમારી આ સેવાઓનો લાભ કેટલા લોકો પામ્યા અને બીજી વાત માનવોની શ્રદ્ધાની વાત. કેટકેટલે દૂરથી દિવસો સુધી પગે ચાલીને અંબાજી આવતા પદયાત્રીઓની વાત. માનવના હૃદયમાં શ્રદ્ધાનું એવું કંઇ નિહિત બળ પ્રભુએ મૂક્યું છે, જેના જોરે તે આવાં સાહસો કરવા પ્રેરાય છે. —તંત્રી)

આ પદયાત્રમાં ભાત ભાતના યાત્રીઓ પધારે છે. જેમાં સૌથી વધુ ધ્યાન નાના બાળકો, વૃદ્ધો, અપંગો, પજ્ઞાચક્ષુઓ ખેંચે છે.

★ એક આઠ વર્ષનો બાળક મહેસાણા એટલે લગભગ ૧૨૦ કિલો મીટરથી ચાલીને આવ્યો છે. કહે, હું છેલ્લા ચાર વર્ષથી ચાલીને આવું છું. માતા–પિતા ખૂબ સમજાવે છે છતાં પણ તે ઘરે ન રહેતાં ચાલીને આવે છે તેની અઢી વર્ષની બહેન પણ ૬૦ કિ. મી. ચાલે છે.

★ ગત વર્ષે એક ભાઇ ઓરિસ્સાથી તો આ વર્ષે એક ભાઇ

જગન્નાથપુરીથી ત્રણ મહિનાથી સતત ચાલી આવ્યા છે.

★ એક ડાંક્ટર પોતાની બે યુવાન પુત્રીઓ સાથે ચેન્નાઈથી ચાલતા આવ્યા હતા.

★ મુંબઈથી ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ, સિદ્ધપુર, પાલનપુર, દાંતા, વડગામ, કડી...આપણને તો નામ પણ યાદ ન રહે એટલા અગણિત સાધકો અવિરત રીતે ચાલતા જ હતા. દિવસે ગરમી હતી એટલે રાત્રે પણ બધા ખૂબ ચાલતા હતા.

★ આ વખતે એક પ્રજ્ઞાચક્ષુ ભાઈ હતા. અમદાવાદથી આવતા હતા. તેમના પૈસા અને બધું સ્નાન કરવા જતાં ચોરાઈ જતાં શ્રી રાજીવભાઈની મદદથી સ્વર્ગારોહણને આંગણે આવ્યા. તેમની શ્રદ્ધા વિલુપ્ત થાય તે પહેલાં જ મા જગદંબાએ જ્યાં સહુની શ્રદ્ધા દીપકની વાટ સંકોરાય છે ત્યાં પહોંચાડ્યા. શ્રી માએ તેમને લક્ષ્મીજીનો પ્રસાદ ધર્યો. તો શ્રી વિજયભાઈ કનેરિયાએ તેમને અમદાવાદ પાછા જવા મળે તે માટે પોલીસની મદદથી સહાય કરી.

★ આ વખતે એક પ્રજ્ઞાચક્ષુ બહેન પણ તેમના પતિ અને સંતાન સાથે મળ્યાં. પૂછ્યુ કે તમે ક્યારથી જોઈ નથી શકતાં? તો જન્મથી જ. તેમના પતિને પૂછ્યું તો તેમનો જવાબ સર્વ શ્રેષ્ઠ હતો. ''એક દેખતો માણસ એક આંધળાને દોરે તેમાં નવાઈશું.' કેવી મોટી સમજ! જીવનને દાવ પર લગાડી દેવાની જ વાત. આજકાલ લગ્નજીવનમાં પાત્રોના પરસ્પરમાં વાંધા કાઢતા પાત્રોને દીવાદાંડી જેવી સમજ. જાણે અધ્યાત્મ જીવનમાં ઉતર્યું હોય તેનું ઊઘાડી આંખે દર્શન.

★ એક વૃદ્ધ દાદાએ બે ગ્લાસ છાશ પીધી પાછા આવ્યા



કહે જેવા અમે ઠર્યા તેવા તમે સૌ ઠરજો.

★ એક યુવકના સંપૂર્ણ બંને હાથમાં ખાલી ચડી ગયેલી, દાંતાથી બંને હાથ માથે મૂકીને આવ્યો હતો. એક્યુપ્રેશરની સારવારથી તેનું તે દર્દ મટી ગયું, ખૂબ આશીષ આપતો ગયો.

પગના ગોટલા, તળિયા નસ ચઢી જવી, ભયંકર શરીરના દુઃખાવા સાથેના દર્દીઓએ ખૂબ રાહત મેળવી. પણ આપણી સર્વોત્તમ શ્રેષ્ઠ સેવા તો ડાં. સુરતિયા, રાજુભાઈ અને તેમની ટીમની. તે સેવકોને જેટલા પ્રણામ કરીએ તેટલા ઓછા પડે.

ડાં. સુતરિયા લગભગ દરરોજ હજારથી બારસો દર્દીઓ સંભાળે. તપાસે, દવા આપે. એક મિનિટની પણ નવરાશ નહીં. ઘવાઈ ગયેલા, ફોડલા પડેલા જાત જાતનાં દર્દીઓને ડ્રેસીંગ કરી પાટા બાંધનાર પણ ખૂબ ખૂબ ધન્યવાદને પાત્ર. કોઈપણ જાતની સૂગ રાખ્યા વગર, ગુસ્સો કર્યા વગર, થાક્યાવગર સતત બાર ચૌદ કલાક પ્રેમથી સેવા કરતા રહે. શિવભાવે જીવની સેવા.

તો આ પર્વના આયોજકો દિવસે સેવાયજ્ઞના મંડપને રાત્રે આશિયાનામાં ફેરવી નાંખે. શ્રી વિનેશકુમારની વર્ષોથી રાત્રિ સેવા નોંધપાત્ર ને પ્રસંશનીય છે. સહુ સાધકો પણ વારાફરતી તેમને મદદ કરે. રાત્રિ જાગરણ પણ આ સેવાનો એક ભાગ રહે જ.

એકંદરે જોતાં આપણે ૬૫૦૦૦ યાત્રીઓને છાશ પાઈ. ૫૦૦૦ દર્દીઓને લગભગ ઈલાજ કર્યા, એટલાને જ ડ્રેસીંગ કર્યા. ૩૦૦૦ દર્દીઓને મસાજ, અક્યુપ્રેશર કર્યા તો દરરોજ લગભગ ૬૫૦ થી ૭૦૦ જેટલા યાત્રીઓને આશ્રય પણ આપ્યો. પાણી તો અગણિતને પાયું.

સર્વ કેન્દ્રના ભાઈ બહેનોને સ્વેચ્છાએ પધારી નાની મોટી

સર્વ સેવાઓ શોધી લઇ આ પર્વને દીપાવ્યું. શ્રી માએ સમસ્ત ચાર દિવસ હાજર રહી આ પર્વને પ્રોત્સાહિત કરી સતત પતિતપાવન દર્શન ધર્યા. હે મા! સ્વર્ગારોહણને આ જ સત્કર્મોથી શોભા ધરજો. સહુને તેમાં ભાગીદાર થવાની શક્તિ ધરજો એ જ પ્રાર્થના.

અંબાજી નગરપાલિકાએ પણ સ્વચ્છતાનું ખૂબ ધ્યાન રાખ્યું. સફાઇ કર્મીઓએ પણ તેમના ફાળે આવેલી સેવાને ખૂબ પ્રમાણિકપણે વધાવી અને નભાવી. દર કલાકે રોડને વાળી ઝૂડી સાફ રાખ્યા.

બાળક હિતેશ, તુલસી અને પીન્ટુએ પણ ખૂબ સરસ સેવા કરી.

અંબાજી મંદિરના ટ્રસ્ટે આવનાર યાત્રાળુઓને માટે એક મિષ્ટાન એક ફરસાણ સાથેના મફત ભોજનની વ્યવસ્થા કરી હતી. બસ સ્ટેન્ડ પાસે આરામ માટે શમિયાણા બાંધ્યા હતા. લગભગ અડધો કિ.મી. દૂરથી રેડ કાર્પેટ પાથરી હતી. અહીં આવનાર સર્વ ભક્ત વી.આઇ.પી. હતા. સેવાભાવી સંસ્થાઓ મંદિરના પ્રાંગણમાં પણ ચા પાણીની સેવા આપતી હતી. તો દર્શનાર્થીઓને પણ દર્શન કરવા ખૂબ લાંબી હરોળમાં ઊભા નહોતું રહેવું પડતું. સહુને એ મા પ્રેમથી દર્શન આપતાં હતાં.

આ રીતે પોલીસ અધિકારીઓની પણ મદદથી કોઇ ખાસ અનીચ્છનીય બનાવ બન્યા નહોતા. તેઓ સહુને પણ ધન્યવાદ.

કુદરતે પણ ખૂબ સહકાર ધર્યો. સહુએ આ પર્વની સફળતામાં યથાયોગ્ય યોગદાન આપ્યું પણ શ્રી માએ કશાની પણ પરવા કર્યા વિના સર્વશ્રેષ્ઠ યોગદાન ધર્યું તે માટે તેમને લક્ષકોટિ પ્રણામ.



# ઋણાનું બંધ

લેખકઃ—હરનાથના સાંનિધ્યમાં સ્વ. શ્રી મકરન્દ દવે
સંકલનઃ—કનૈયાલાલ ઝીંઝુવાડિયા

## વેરની તૃપ્તિ માટે સર્પયોનિ

પૂર્વજન્મમાં આપણે માનતા હોઇએ કે ન માનતા હોઇએ, પરંતુ કેટલાક આધ્યાત્મિક ક્ષેત્રે ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરેલ લોકોએ પોતાની જે અનુભૂતિઓ વર્ણવી છે, તેમાં શંકા કરવાનું કોઇ કારણ નથી. એક વાત હંમેશાં યાદ રાખવી રહી કે વ્યક્તિના જીવનમાં બનતી હરેક ઘટના જેવી કે જન્મ, ઉછેર, પરણનાર વ્યક્તિની પસંદગી, પરિવારમાં પધારનાર બાળકો, સંપત્તિ કે અભાવ અને છેલ્લે મૃત્યુ—વિષેના ચોક્કસ ઉત્તરો બુદ્ધિ કે તર્ક દ્વારા પ્રાપ્ત થઇ શકતા નથી.

અહીં જે પ્રસંગ શ્રી કનૈયાભાઇ ઝીંઝુવાડિયા એ રજૂ કરેલ છે તે યોગી હરનાથના સાન્નિધ્યમાં પુસ્તકમાંથી લીધેલ છે, જેના મૂળ લેખક છે સ્વ. શ્રી મકરંદ દવે.

જે યોગીની વાત શ્રી મકરંદભાઇએ લખી છે તે તેઓના ગુરુ શ્રી નાથાભાઇ ગોંડલવાળાની છે, જેમનો સ્વર્ગવાસ થોડા જ સમય પહેલાં થયો છે. શ્રી નાથાભાઇની વિશેષતા એ હતી કે તેઓ પ્રસિદ્ધિથી હંમેશ દૂર રહેવામાં માનતા.

મારા જીવનમાં મારે ત્રણેકવાર તેઓને પ્રત્યક્ષ મળવાનું થયું, ત્યારે વર્ષો પૂર્વે પહેલીજ મુલાકાતના અંતે અમને સૂચના આપી કે આપણી આ મુલાકાત અંગે અધ્યાત્મમાં ના છાપતા, નહિ તો કેટલાક લોકો મારો ને તેમનો સમય બગાડશે. પ્રસિદ્ધિના કેવા નિઃસ્પૃહિ!

—ૃાં ૃી

એક દિવસ યોગી હરનાથની પાસે હું (લેખક સ્વ.શ્રી મકરન્દ દવે) બેઠો હતો. ત્યાં રેલ્વેમાં નોકરી કરતા મારા પરિચિત એક ભાઇ આવ્યા. એમની દસેક વર્ષની પુત્રીનું સર્પદંશથી અવસાન થયું હતું. અને એનો ઘેરો વિષાદ એમના ચહેરા પર દેખાઇ આવતો હતો.

એ ભાઇએ કહ્યું : 'સાંજે નિશાળેથી છૂટીને છોકરી ઘેર આવી. ભંકિયામાં છાણા લેવા ગઇ તો કાળોતરો કરડ્યો. સાપે એટલા જોરથી દાઢ બેસાડી કે છોકરીએ હાથ ખેંચી લીધો તો સાપ ક્યાંય સુધી ખેંચાઇ આવ્યો. ત્યારે હું હજાર નહોતો પણ છોકરીની ચીસ સાંભળી ઘરના બધાં દોડ્યાં. સાપ નાસી ગયો. છોકરીને તત્કાળ દવાખાને પહોંચાડી છેલ્લી ઘડીએ મારો મેળાપ થઇ શક્યો. એના અંતકાળે હાજર રહી શક્યો એટલું જ. કાંઇ કારી ન ફાવી. છોકરી છાણાં લેવા ગઇ એ પહેલાં થોડી જ વારે મારાં મા છાણાં સરખાં કરવા ગયાં હતાં, પણ તેમણે સાપ નહોતો જોયો. મારી દીકરીનો કાળ આવ્યો હશે, બીજું શું? આ ભાઇનાં માતુશ્રી અત્યંત વૃદ્ધ અવસ્થાને આરે પહોંચેલાં. ઘડીભર એમ થઇ જાય કે આવી ઊગીને ઊભી થતી અને રમતી—જમતી બાળાને જ સર્પ કેમ કરડ્યો હશે? કોઇનું પણ આવું મૃત્યું કરુણ ગણાય, પણ થોડી ક્ષણોમાં જ એક ખર્યા પાનને બદલે ખીલતી કૂંપળને જ કાળની દાઢ કાપી નાખે, ત્યારે મન વિચારે ચડી જાય છે. આમ કેમ? આવા પ્રસંગોમાં વિધિની વિચિત્રતા સિવાય કાંઇ દેખાતું નથી. મેં યોગી હરનાથને પૂછ્યું:—'આવા અઘટિત અને અકાળ મૃત્યુનો ખુલાસો મળી શકે ખરો?'

'ખુલાસો તો હરેક વાતનો હોય છે, ભાઇ! પણ એને



વાંચવા માટે કોણ મથે છે?'

યોગી હરનાથે ગંભીર ભાવે કહ્યું. આ કરણ બનાવ તેમના સમભાવી હૃદયને સ્પર્શી ગયો હશે. પણ પેલા ભાઇનો વિષાદ દૂર કરવા એમણે ન આશ્વાસન આપ્યું, ન કોઇ ઉપદેશ આપ્યો. આવે પ્રસંગે સંસારની અસારતા ને ક્ષણભંગુરતાનું ગાણું ગમે તે ગાઇ શકે છે. યોગી હરનાથે આમાંનું કાંઇ ન કર્યું. પેલા ભાઇ તરફ એક અત્યંત કરુણાભરી દૃષ્ટિ નાખી તે ઊંડા ધ્યાનમાં સરી ગયા. થોડી વાર શાંતિ છવાઇ ગઇ. યોગી હરનાથે નેત્રો ખોલ્યાં ત્યારે એક જુદી જ ચમક હતી. વાતનો દોર સાંધતાં તેમણે મને (સ્વ.શ્રી મકરન્દ દવેને) કહ્યું.

'આ વિશ્વમાં કાંઇ અકારણ નથી. અહેતુક નથી. અને અચાનક અકસ્માતરૂપે પણ નથી. દરેકના કાર્યકારણની સાંકળ અદીઠ રીતે વણાઇ ગઇ હોય છે. તમારા દરેક કર્મનો હિસાબ રાખનારું કોઇ બેઠું છે તે કદાપિ ન ભૂલશો. યમરાજના દરબારમાં ચિત્રગુપ્તને ચોપડે તમારું કાર્ય ચડી ગયું જ હોય છે.'

'ચિત્રગુપ્તનો ચોપડો એ પરીકથા જેવું લાગે છે ને! પણ ખોટું નથી હોં ભાઇ, તલમાત્ર ખોટું નથી. ચિત્રગુપ્ત એટલે તમારા દરેક કાર્યની તમારા અંતઃકરણ પર જે છાપ પડ્યા કરે છે તે ગુપ્તચિત્ર. દરેક કાર્યની સૂક્ષ્મ સંસ્કારરૂપે ફોટો—ફિલ્મ પડી જાય છે. મૃત્યુ પછી પણ એ માનવીની સાથે આવે છે અને સમય જતાં પાક કાળે એનાં ફળ ભોગવવા જ પડે છે.'

પણ યોગી હરનાથે આ વાતની પછી વિશેષ ચર્ચા ન કરી. યોગી હરનાથે પેલા ભાઇને કહ્યું :

'તમે આ પહેલાં.....ગામના સ્ટેશન માસ્તર તરીકે કામ

કરતા હતા. તમારા ક્વાર્ટસની સામે એક લીમડો હતો. લીમડા નીચે પાણીની નાંદ (મોટી કોઠી) હતી ત્યાં તમે બકરી બાંધતા. બરાબર?'

'જી હા, બરાબર.'

'અચ્છા. એ જગ્યાની પાસે એક બગીચા જેવું હતું ત્યાં તમારી દીકરી ફૂલો ચૂંટવા જતી?'

'જી હા. પૂજાનાં ફૂલો અમે એ ફૂલવાડીમાંથી લાવતાં અને મારી દીકરી ઘણી વાર ફૂલો લેવા જતી.'

'ત્યારે તમારી દીકરીને પગે ખરજવું થયું હતું?'

'હા બરાબર. ઘણા ઉપચાર કરેલા પણ મટતું નહોતું.'

'તો એ સમયે પણ આ સર્પે તેને ફૂલવાડીમાં દંશ દેવા પ્રયત્ન કર્યો હતો પણ સમય પાક્યો ન હોવાથી એ ફાવ્યો નહોતો. ત્યાંથી એ માલગાડીના વેગનમાં ચડ્યો. અહીં ઊતર્યો. દરેક પ્રાણીને તે જાણે કે ન જાણે પણ પૂર્વકર્મનો વેગ ખેંચી જાય છે. એ પ્રકૃતિની અંધ પણ અચૂક શક્તિ છે ને પોતાનો હિસાબ પતાવે ત્યારે જ જંપે છે.'

પેલા ભાઈ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. યોગી હરનાથે જે સ્થળનું વર્ણન કર્યું ત્યાં તે કદી ગયા નહોતા. કે આ છોકરીને પણ જોઈ નહોતી.

પેલા ભાઈએ આ બધી હકીકત સાચી છે એની સંમતિ આપી એટલે યોગી હરનાથે સૂક્ષ્મ જગતનો પડદો ઊંચકતાં કહ્યું :

'આવી નિર્દોષ નાની બાળાને સર્પદંશ થાય એટલે લાગી આવે એ સ્વાભાવિક છે. પણ પૂર્વજન્મમાં આ છોકરીએ એક માણસને ઝેર દઈ મારી નાખ્યો હતો. એનું વેર લેવા તે સર્પ



થયો. માણસનું વેરઝેર એને કેટલી અધમ કક્ષાએ ખેંચી જાય છે એ તમે જોઈ શકો, તો વેરવૃત્તિને કદી અંતરમાં સ્થાન ન આપો.'

ભૂતકાળની આટલી વાત કરી ભવિષ્યનું સૂચન આપતાં યોગી હરનાથે પેલા ભાઈને કહ્યું : 'તમારી દીકરીના મરણથી તમે એને સદાને માટે ખોઈ નથી નાખી. અફસોસ ન કરશો. તમારી સાથે એના ઋણાનુબંધ હજુ બાકી છે અને તમારે ત્યાં એ ફરી વાર દીકરી તરીકે જન્મ લેશે. તમારી પેલી છોકરીનો જ જીવાત્મા આવ્યો છે એની નિશાની રૂપે એના પગે ખરજવા જેવો ડાઘ હશે. શિવગુરુની કૃપા હો!'

મેં (સ્વ શ્રી મકરન્દ દવેએ) જોયું તો પેલા ભાઈના ચહેરા પરથી ઉદાસી ચાલી ગઈ હતી. શ્રદ્ધાનો નવો ઝગારો હતો. આ ભાઈને ત્યાં પછી પુત્રીનો જન્મ થયો ને તેને પગે ખરજ્યા જેવો ડાઘ પણ હતો. આ પ્રસંગમાં આપણને ત્રણ સિદ્ધાંત જાણવા મળે છે. (૧) જન્મ–પૂનર્જન્મ. સ્ટેશન માસ્તરને ત્યાં આ છોકરી અને પેલા સર્પનો બીજો જન્મ હતો. આપણે જાણ્યું કે આગલા જન્મમાં આ છોકરીએ એક માણસને ઝેર આપી મારી નાખ્યો હતો એનો હિસાબ ચૂકવવા બીજા જન્મમાં એ જીવ સ્ટેશનમાસ્તરને ત્યાં પુત્રી રૂપે અવતર્યો અને જે માણસને ઝેર આપવામાં આવેલ તે પોતાનું વેર લેવા બીજા જન્મમાં સર્પ થયો અને છોકરીને કરડી ઝેરનો બદલો ઝેરથી વાળ્યો. એટલે(૨) કર્મનો સિદ્ધાંત. દરેક જીવે કરેલાં કર્મોનો બદલો ચૂકવવો જ પડે છે. એક જન્મમાં કે બીજાં જન્મોમાં તેનો હિસાબ ચૂકવ્યા સિવાય છૂટકો જ નથી. (૩) એક જીવનો અન્ય જીવો સાથે ઋણાનુબંધોનો સિદ્ધાંત સ્ટેશન માસ્તરની સાથે તે છોકરીનાં

ઋણાનુબંધ પૂરાં થએલ નહીં તેથી ફરી તે જીવ સ્ટેશનમાસ્તરને ત્યાં પુત્રી રૂપે અવતર્યો. એ જોતાં એક જ જીવનો આ ત્રીજો અવતાર હતો.

આ પ્રસંગનાં અનુસંધાનમાં આ પ્રસંગની રજૂઆત કરવી અયોગ્ય નહીં ગણાય. નારાયણકાકાને મોઢે આ પ્રસંગ ઘણાં ભક્તોએ વિસ્તૃત રૂપે સાંભળ્યો હશે. તેની ખૂબ જ ટૂંકમાં રજૂઆત કરેલ છે. શ્રી નારાયણકાકાની પુત્રી બિન્દુ અમદાવાદ અભ્યાસ કરતી હોઈ રજામાં ભાવનગર આવેલ. અમદાવાદ જતાં બસને અકસ્માત નડેલ અને બિન્દુબહેનનું અકસ્માત સ્થળે જ મૃત્યુ થએલ. તે જીવ પાછળ નારાયણકાકાએ પોતાની રીતે યથાયોગ્ય કરેલ પરંતુ તે જીવને તેથી સંતોષ નહીં થયો હોય તેથી પોતાની અતૃપ્ત ઈચ્છાઓની પૂર્તિ માટે સૂક્ષ્મ જગતમાં વિચરણ કરતો હતો. એક સમયે ભાવનગર શ્રી નારાયણભાઈને ત્યાં પૂ.ગુરુદેવ શ્રીયોગેશ્વરજી બિરાજમાન હતા. બીજે દિવસે પૂ. શ્રીગુરુદેવશ્રી સમક્ષ બિન્દુબહેન પ્રગટ થયાં. અને શ્રીનારાયણ-કાકા પોતાનાં ગામમાં પાણીનું પરબ, ચબૂતરો વગેરે બંધાવે એવી ઈચ્છા પ્રગટ કરી. બીજે દિવસે પૂ.શ્રીગુરુદેવે શ્રીનારાયણકાકાને બિન્દુબેન પ્રગટ થયાની વાત કરી. અત્રે એક વાત ઉલ્લેખનીય છે કે પૂર્વ જન્મોનાં પુણ્યશાળી અને ઉચ્ચ સંસ્કાર પામેલા જીવો પોતાનાં મૃત્યુ પછી પણ અન્ય જીવોનું કલ્યાણ ઈચ્છે છે. તે જ રીતે બિન્દુબહેને અન્ય જીવોની તૃપ્તિ માટે પરબ, ચબૂતરો વગેરે પૂ.શ્રીનારાયણકાકા બંધાવે તેવી ઈચ્છા પ્રગટ કરેલ.

ત્યાર બાદ પૂ.શ્રીયોગેશ્વરજીએ ભાવનગર શ્રીનારાયણ-કાકાને ત્યાં નવચંડી યજ્ઞનું આયોજન કરાવેલ અને બિન્દુબહેનને



સૂક્ષ્મ યોનિમાંથી મુક્તિ અપાવેલ અને પૂ.શ્રીનારાયણકાકાને મહિનો, તારીખ, વાર જણાવતાં કહેલ કે બિન્દુનો જીવ અમદાવાદમાં એક બ્રાહ્મણ પરિવારમાં પુત્રી રૂપે ફરી જન્મ ધારણ કરશે. પરંતુ આપણે તેમાં ઉંડા નહીં ઉતરવાનું. તે જીવ સાથે તમારા ઋણાનુબંધ પૂરાં થઇ ગયેલ છે. યોગીઓને આવી સિદ્ધિઓ પ્રાપ્ત થએલી હોય છે પરંતુ ભાગ્યેજ અન્ય જીવોના કલ્યાણ અર્થે તેનો સદ્ઉપયોગ કરતા હોય છે. સાચાં સંતો કદિ પોતાને પ્રાપ્ત થએલ સિદ્ધિઓનું પ્રદર્શન કરતાં નથી.

## My Dad, the best Dad

You are the world's best dad,
Always happy, never sad.
But, on the move you always are,
All our problems are sent par.

Always smiling, never sad,
You are the world's best dad.
Always ready, You never-ever lag,
The qualities of a patient man.

Coming home just for some days,
But, bringing memories that last for days and days.
Always want to hang out,
Never starting a bout.

**Uddhav Kunal Trivedi**
Age 11

# સંતવાણી

—પ.પૂ.સદ્‌ગુરુદેવ શ્રી હરિચરણદાસજી મહારાજ

## દ્રષ્ટિ

બિલાડી માંસ ખાઇને હાથી જેવી થઇ નથી અને હાથી ફક્ત ઘાસ ખાઇને સુકાઇ ગયો નથી. માંસાહાર કરવાથી તાકાત આવે છે એ ભ્રમણા છે. ફક્ત ઘાસ ખાનાર ઘોડો ખૂબજ તાકાત ધરાવે છે અને શક્તિનું માપ જે હોર્સપાવરમાં માપવામાં આવે છે.

**હૈયે વસ્યા નહીં રામ તો, માળા જપ્યાથી શું થયું?**
**મનનો મળ્યો નહીં મેળ તો, ફેરા કર્યાથી શું થયું?**

નરમ ગાદી, નરમ તકિયો, રજાઇ, એરકંડીશન, મધુર સંગીત, નાઇટ લેમ્પ આ દરેક ચીજ ઊંઘવા માટેની વ્યવસ્થા છે, પરંતુ ઊંઘ નથી.

સુંદર થાળી, વાટકી, કાંટા ચમચી, સ્વાદિષ્ટ ભોજન, નયન રમ્ય ભોજનકક્ષ આ દરેક ભૂખને પોષવાની વ્યવસ્થા છે, પરંતુ ભૂખ નથી.

અભ્યાસ, ડીગ્રી નોકરી, વ્યવસાય, ધન, બંગલો, કાર, પત્ની, સંતાન આ દરેક જીવન માટેની વ્યવસ્થા છે, પરંતુ જીવન નથી. માનવ આખી જીંદગી વ્યવસ્થા પાછળજ ખર્ચી નાંખે છે, સાચી ઊંઘ, ભૂખ કે સાચી જીંદગી જીવવાનું જ ભૂલી જાય છે.

આંખ તો ગધેડાની પણ ખુલ્લી હોય,
છતાં તે ઉકરડે આળોટે છે.
આંખ તો સમડીની પણ ખુલ્લી હોય,



છતાં તે મડદા જ શોધતી ફરે છે.
આંખ તો કૂતરાની પણ ખુલ્લી હોય,
છતાં તે સૂકા હાડકા જ શોધે છે.
આંખ તો કાગડાની પણ ખુલ્લી હોય,
છતાં તે વિષ્ટા જ શોધે છે.

આઁખ ખુલ્લી હોવાથી કંઈજ વળતુ નથી. દ્રષ્ટિ ખૂલવી જરૂરી છે દ્રષ્ટિ ખૂલવાથી પોતાનું અંતઃ કરણજ માર્ગદર્શક બને છે પછી ભલે આંખ બંધ હોય.

## સજ્જન

જીવનપુષ્પ ચારિત્ર્યની સુવાસથી મહેકે છે.
ક્યું જલતે હો, દુસરે કી અમાનત કો દેખકર,
ઉપરવાલા તૂજે ભી દેગા, તેરી નિયતકો દેખકર,
નિયત જીસકી અચ્છી હો, તો કિસ્મત ઉસકી દાસી હૈ,
મગર ચરિત્ર જીસકા અચ્છા હે, તો ઉસકે ઘરમેં મથુરા કાશી હૈ.

★ આજનો માનવ કોઇની સાથે રહેવા માંગતો નથી.

★ અન્યને સહી શકતા નથી.

★ કોઇએ કશુંજ ભૂલવું નથી, પોતાનામાં પરિવર્તન લાવવા તૈયાર નથી. દોષનો ટોપલો અન્ય પર ઠાલવી પોતાને સજ્જન માને છે.

★ લાંચ લેતા પકડાય તે લાંચ આપી છૂટી જાય છે.

★ સજ્જન માણસે, ચરિત્રહીન માણસ પાસે પોતાના ચારિત્ર્યનું પ્રમાણપત્ર લેવાની ફરજ પડે છે.

★ અશિક્ષિત વ્યક્તિ શિક્ષણ ખાતાનું સંચાલન કરે છે.

★ પથ્થર સોનાની કસોટી કરે છે.

**પ્રાયશ્ચિત**

પૂર્વગ્રહ, હઠાગ્રહ અને દુરાગ્રહ રાહુ–કેતુ અને શનિને ટપી જાય તેવા ગ્રહ છે.

**નિર્ધન યા ધનવાન હો, અનપઢ યા વિદ્વાન**
**જીસને મન મૈલા કિયા, ઉસકે વ્યાકુલ પ્રાણ.**

પૈસાથી પુસ્તક ખરીદી શકીએ પરંતુ બુદ્ધિ નહીં.

પૈસાથી અન્ન ખરીદી શકીએ પરંતુ ભૂખ નહીં.

પૈસાથી ઘરેણા ખરીદી શકીએ પરંતુ સૌંદર્ય નહીં.

પૈસાથી દવાઓ ખરીદી શકીએ પરંતુ સ્વાસ્થ્ય નહીં.

પૈસાથી સગવડ ઉભી કરી શકીએ પરંતુ પ્રસન્નતા નહીં.

પૈસાથી પૈસા મેળવી શકાય પરંતુ શાંતિ નહીં.

આપણે શાકભાજી ખરીદીએ અને એ શાકભાજી ખરાબ નીકળે તો મન કેટલું કચવાય.

સાડી ખરીદીએ અને એ સાડી નુકશાન વાળી નીકળે તો કેટલો અફસોસ થાય. પરંતુ આપણને આ માનવ દેહ મળ્યો અને એ જીવન ધૂળધાણી થઈ જાય એ જીવનનો વ્યય થાય તેની બિલકુલ દરકાર નથી. પોતાના દોષ જોતા શીખી જઈએ અને એ દોષને સુધારતા જઈએ, ત્યાર બાદ દોષ મુક્ત થતા જઈએ અને રોજેરોજની, અઠવાડિયાના, પખવાડિયાના મહિનાના અને વાર્ષિક સરવૈયુ કાઢી જોઈએ કે કેટલા દોષ દેખાયા અને કેટલા દોષમાંથી મૂક્ત થયા. કેટલા દોષ માટે પ્રાયશ્ચિત કે પશ્ચાતાપ કર્યો?



# પૂ.માની સ્વિત્ઝર્લેન્ડ યાત્રા

–મા સર્વેશ્વરી

**૪/૭/૨૦૧૧ લૂશન**

**ૐ યોગેશ્વરાય નમઃ**

આપના પાવન શ્રીચરણોમાં આ સર્વ યાત્રીઓનાં વારંવાર પ્રણામ, પ્રણામ, પ્રણામ.

આપની કૃપાથી સૌ રક્ષાયેલા યાત્રાનો આનંદ માણી રહ્યાં છે.

આ દેહ પછીની પણ સૌની જીવન યાત્રામાં આપના આશીર્વાદ વરસાવતા રહો. આપના શ્રી અંકે જ ઠરતા રહે આપને જ સ્મરતા રહે.

આજે વિશ્રામદિન. સ્વિત્ઝર્લેન્ડની ધરતીનો આજે અંતિમ દિન.

ગઈકાલના પરિશ્રમથી આજની સવાર ઘણી મોડી પડી.

યાત્રામાં નિર્જળા વ્રત સાથે ચાલવાનો પરિશ્રમ કસોટી કરે તેવો હોય છે, પણ રાતના વિશ્રામમાં શ્રીગુરુભગવંતનો વરદ હસ્ત સર્વ અંગોને સ્વસ્થ કરી, પોતાના હોય તેને વિશેષ વ્હાલ ધરી લેતા હોય એવું લાગે છે.

દરરોજ રાત્રે પરિશ્રમ ને દરરોજ પ્રભાતે પૂર્ણ પ્રસન્નતા. તન મન અંતરની શક્તિ કોણ ભરે છે? સંતાઈને જ સઘળી બાજી સંભાળવાનો શ્રી હરિનો સ્વભાવ છે, પણ એ બાજીગરને મા તો દરરોજ ૩૩૪ માળા અર્પણ કરે જ છે. વળી પ્રણામ પણ ૩૦૦ તો થયા જ છે. એટલે માના પક્ષે તો નોંધ લેવાના પ્રયત્નો થતા રહે છે. શ્રી હરિના પક્ષે તો પ્રત્યેક શ્વાસને સંભાળીને રમાડીને

અંકમાં સુરક્ષિત રાખે છે. એની સામે તો મૌન જ રહેવું પડે છે.

અનંત ઉપકારો સામે અનંત જન્મો સુધી મન, અંતર મસ્તક અખંડ નમાવતાં રહીએ તો પણ શ્રીહરિના ઋણમાંથી મુક્ત થઇ શકાય તેવું નથી.

માની ચારે બાજુ રાસ રમી રહેલા એ રસેશ્વરની પરમ કૃપાથી આજનો દિવસ પણ સુરક્ષિત રીતે પૂર્ણ થયો છે.

આજે લૂશનના બજાર માટેનો દિવસ હતો.

મા પણ બેન ક્ષીપ્રા તથા બેન ગીતા જોડે સીટી બસની યાત્રા માણે છે. આખા શહેરમાં એક બસ ફરે જે લૂશન દર્શન કરાવે. તેમાં બેઠા તો સીટની સામે ૧૦ ભાષામાં શહેરની કોમેન્ટ્રી સંભળાય તેવાં બટન જોવા મળે છે.

અને નોંધપાત્ર વાત તો એ હતી કે એ ૧૦ બટનમાં એક બટન ઉપર ભારતના રાષ્ટ્રધ્વજનું ચિત્ર હતું. જોતાં જ ખબર પડી કે અરે! આ તો ભારતીય ભાષામાં પણ–હિન્દીમાં પણ કોમેન્ટ્રી સંભળાશે.

એ જાણી ઈયરફોનની મદદથી લૂશનનો ઈતિહાસ ને વિશેષતા જાણી. ખાસ કંઇ નોંધવા જેવું ન હતું કારણ મકાનોની, માર્ગનો, હોટલનો, ચર્ચની જ માહિતી હતી.

૪૦ મિનિટની એ બસ ટૂરમાં ગયા તો આખા શહેરનો ખ્યાલ આવી ગયો.

સ્ટેશન અને શહેરને જોડતી સ્વચ્છ મોટી નદી છે, પૂલ છે અરે! એ પાણીમાં મોટા મોટા સફેદ હંસ તરતા જોવા મળે. લાંબી કલાત્મક ડોકવાળા એ પક્ષીઓને આજે બ્રેડનો પ્રસાદ મા આપે એવી ક્ષીપ્રાની ખાસ ઈચ્છા હતી. તો માએ જાણે સ્વર્ગારોહણ વતી પક્ષીઓને અન્નદાન કર્યું. ક્ષીપ્રાએ કરાવ્યું.



પક્ષીઓ ખોરાકની પ્રતીક્ષા કરતા કિનારે, પગથીયા પાસેજ તરતાં તરતાં આવી ગયાં.

બ્રેડનો એક ટૂકડો જેવો પાણીમાં પડે એટલે જબરા ફાવે ને નબળાને ભગાડે. અરે, ગુસ્સે થઈને પોતાની ચાંચ વડે તે તે પક્ષીને વઢતા વઢતા દૂર સુધી ભગાડતા પણ જોવા મળ્યા.

માનવ સમાજમાં પણ જબરા ફાવે ને નબળાને ભગાડે તેવું જ પક્ષીજગતમાં પણ સર્વત્ર રાગદ્વેષનું દર્શન. અનંત જન્મોથી આ પ્રકૃત્તિ જીવની સાથે કોઈપણ યોનિમાં કાર્ય કરતી જ રહે છે.

આજે સ્વિત્ઝર્લેન્ડની જાણીતી જુદી જુદી ઘડિયાળોના સ્ટોરમાં પણ જવાનું બને છે. જગતને સમય સાથે જીવતા શીખવવા એ સાધન ખૂબ ઉપયોગી છે.

બે મોટા ઘડિયાળ જોયાં જેમાં આખા વિશ્વમાં અત્યારે કેટલા વાગ્યા તે જોવા મળે ને બીજું સૂર્યોદય ને સૂર્યાસ્ત ને ત્રીજું ઘડિયાળ જ્યોતિષ વિજ્ઞાનને લગતું પણ જોયું.

એક ઘડિયાળ જાહેર રોડ ઉપર હતું. સૂર્યના પડછાયા ઉપરથી કેટલા વાગ્યા તે બતાવતું હતું.

મોટા સરસ ઘડિયાળ જોઈને સ્વર્ગારોહણમાં મૂકી શકાય એવું પણ સ્મરણ રહ્યું.

આપણી યાત્રામંડળીએ સ્વિત્ઝર્લેન્ડની ખૂબ જાણીતી શુદ્ધ ચોકલેટ ભરપેટ ખાધી ને ખરીદી. ઘડિયાળ પણ ત્રણ ભક્તોએ ખરીદી.

યાત્રામાં સવાર–સાંજ નિયમિત પ્રાર્થના સમૂહમાં પણ થતી રહે છે.

અહીં એક જ મિનિટમાં અંતરે કાંચી નામનું શાકાહારી ભોજનાલય આવેલું છે. એટલે સૌ તેની મુલાકાત લે છે.

સવારે હોટલમાં જ નીચે દૂધ, ફળ, બ્રેડ, જ્યુસ, મળે જ છે એટલે ભરપેટ નાસ્તો પણ મળી જાય છે. વળી સાથે થેપલાં, ભાખરી, ચેવડો, મમરા, સુખડી જેવું સૂકુ ભાથું પણ અમેરિકાથી લાવ્યાં છે. એટલે જ્યાં શાકાહારી ભોજન ના મળે ત્યાં તે સૂકુ ભાથુ ચલાવી લે છે.

યુરોપ યાત્રા શાંતિથી ચાલી રહી છે. પ્રભુના આશીર્વાદની વર્ષા અખંડ વરસી રહી છે. તો યાત્રા ચાલી રહી છે.

આવતી કાલે ઇન્ટરનેશનથી ટ્રેઇનમાં બેસીને ઇટાલી જવાનું છે. હે હરિ તારી કૃપા સામે પ્રણામ પ્રણામ પ્રણામ પ્રણામ.

(ક્રમશઃ)

## ★ પ્રાર્થના ★

● પ્રાર્થના એટલે ઇશ્વર સાથેનો વાર્તાલાપ કરવાનો વાયરલેસ વ્યવહાર.

● પ્રાર્થના એટલે ઇશ્વરને પોતાના બનાવવાનો વશીકરણ મંત્ર.

● પ્રાર્થના એટલે આત્માને પરમાત્મા બનાવનાર ઉંચું રસાયણ.

● પ્રાર્થના એટલે સંસારરૂપી સમુદ્રમાં ડુબી રહેલા જીવોને બચાવનાર અનુપમ નાવ.

● પ્રાર્થના એટલે મોક્ષની નિસરણી.

● પ્રાર્થના એટલે કામશત્રુ પર વિજય મેળવવાનું અમોઘ શસ્ત્ર.

● પ્રાર્થના એટલે આધિ, વ્યાધિ અને ઉપાધિના ઘેરા વાદળને વિખેરનાર વજ્ર બળ.



# મહર્ષિના સાન્નિધ્યમાં

(ગતાંકથી આગળ) –અનુઃ–યોગેશ્વરજી, પોલ બ્રન્ટન

તાડવૃક્ષોવાળા ચોકમાં અમારી ગાડી આવી પહોંચી ત્યારે આશ્રમના ઉદ્યાનમાં અંધકારમાં અદ્‌ભુત પ્રકાશરેખા પાથરતા આગિયા ઊડી રહ્યા હતા. અને લાંબા હોલમાં પ્રવેશીને હું જમીન પર બેઠો ત્યારે સર્વોત્તમ પ્રકારની શાંતિ એ સ્થળે પહોંચીને એની હવામાં ફેલાઇ ગઇ હોય એવું લાગવા માંડ્યું.

ભેગા થયેલા દર્શનાર્થીઓ હોલમાં હારબંધ બેઠા હતા, પરંતુ કોઇ જાતનો અવાજ થતો નહોતો કે વાતો નહોતી થતી; ખૂણામાંના કોચ પર મહર્ષિ બેઠા હતા. એમણે પલાંઠી વાળેલી અને એમના હાથ નિરાંતે ઘૂંટણ પર મુકાયેલા. એમની આકૃતિ મને નવેસરથી સાદી, નમ્ર કે સરળ લાગી. ઉપરાંત પ્રતિભાશાળી તથા ગૌરવવાળી જણાઇ. એમની આંખ હોલના દૂરના છેડા તરફ અચળ રીતે મંડાયેલી હતી. દૃષ્ટિની એ અદ્‌ભુત એકાગ્રતા ખરેખર આશ્ચર્યકારક હતી.

સ્થિરતાપૂર્વક બેસીને મેં મહર્ષિ પર મારી દૃષ્ટિ સ્થિર કરવાનો પ્રયાસ કર્યો, પણ થોડાક વખતમાં જ આંખ બંધ કરવાની મને ઇચ્છા થઇ આવી. થોડા વખત પછી સંતપુરુષની સંનિધિમાં મારી અંદર વધારે ઊંડાણથી પ્રવેશ કરતી અસ્પષ્ટ શાંતિની અસર નીચે આવી જઇ હું અર્ધનિદ્રામાં પડી ગયો. આખરે મારી અભાન દશામાંથી માર્ગ થયો અને હું એક અજબ જેવું સ્વપ્ન જોવા માંડ્યો.

જાણે કે હું પાંચ વરસનો નાનો બાળક બની ગયો. અરુણાચલ પર્વતની ઉપર જતી અને આજુબાજુથી પસાર થતી

કાચી સડક પર ઊભા રહીને મેં મહર્ષિનો હાથ પકડ્યો. પરંતુ મારી બાજુમાં ઊભેલા મહર્ષિ રાક્ષસ જેવા કદના બની ગયા. એમની આકૃતિ ઘણી ઊંચી બની ગઇ. એ મને આશ્રમમાંથી દૂર લઇ જવા માંડ્યા અને રાત્રીના ગાઢ અંધકારની વચ્ચે રસ્તો બતાવીને આગળ લઇ ગયા. એ રસ્તે અમે બંને એકસાથે ધીમેધીમે ચાલવા માંડ્યા. થોડા વખત પછી ચંદ્ર તથા તારાઓએ અમારી આજુબાજુ પોતાનો ઝાંખો પ્રકાશ પાથરવા માંડ્યો. પથ્થરવાળી જમીનની ફાટોમાંથી અને અસ્થિર રીતે ટકી રહેલા રાક્ષસી ખડકોની વચ્ચેથી મેં જોયું કે મહર્ષિ મને સંભાળપૂર્વક આગળ લઇ જાય છે. ટેકરી ચઢાવવાળી હતી અને અમે એના પર ધીમેથી ચડી રહ્યા હતા. પથ્થરો કે ખડકો વચ્ચે સાંકડી જગામાં અથવા નીચાં વૃક્ષોની ઘટામાં નાની મઢૂલીઓ તથા ગુફાઓ દેખાવા માંડી. અમે ત્યાંથી પસાર થયા ત્યારે એમાં રહેનારા અમને સત્કારવા બહાર આવ્યા. તારાના તેજમાં એમનાં સ્વરૂપો પ્રેતને મળતાં આવતાં હતાં, છતાં મને ઓળખતાં વાર ન લાગી કે એ બધા જુદાજુદા યોગીઓ છે. અમે એમને માટે રોકાવાને બદલે પર્વતનું શિખર આવ્યું ત્યાં સુધી ચાલતા જ રહ્યા. આખરે અમે અટક્યા, ત્યારે કોઇ મહત્ત્વની ઘટના બનવાની આગાહી કરતું હોય તેમ મારું હૃદય ધડકવા લાગ્યું.

મહર્ષિ પાછા ફરીને મારા મુખ તરફ જોવા માંડ્યા. મેં પણ બદલામાં એમની તરફ ઉત્સુકતાથી જોવા માંડ્યું. મરા મન તેમ અંતરમાં કોઇ ઝડપથી રહસ્યમય પરિવર્તન થઇ રહ્યું છે એનું મને ભાન થયું. મારા પર કાબુ જમાવી બેઠેલા જૂના ખ્યાલો મારો ત્યાગ કરવા લાગ્યા. મને આમતેમ લઇ જનારી મારી ઉત્કટ ઇચ્છાઓ ઝડપથી દૂર થઇ ગઇ. મારા સાથીઓ સાથે મેં



જેનાથી પ્રેરાઇને વ્યવહાર કરેલો તે અણગમા, ગેરસમજ, ઉદાસીનતા કે સજ્જાઇને કારણે સ્વાર્થવૃત્તિનો અંત આવ્યો. મારા પર એક જાતની અવર્ણનીય શાંતિ વરસવા માંડી અને મને જણાયું કે જિન્દગીમાં હવે મારે વધારે કશું માગવા જેવું નથી રહ્યું.

એટલામાં તો મહર્ષિએ મને એકાએક પર્વતની તળેટીમાં જોવાની આજ્ઞા કરી. મેં એમની આજ્ઞાનું પાલન કરી નીચે જોયું, અને મારા આશ્ચર્ય વચ્ચે મને જણાયું કે આપણી પૃથ્વીનો પશ્ચિમ ગોળાર્ધ નીચેના ભાગમાં દૂર સુધી પથરાયેલો છે. એ લાખો લોકોથી ભરેલો હતો. ઉપરથી જોતાં એ લોકો રૂપના ભંડાર જેવા દેખાવા લાગ્યા. પરંતુ રાત્રીનો અંધકાર એમને હજી ઢાંકી દેવા લાગ્યો.

સંતપુરુષના ધીમે સ્વરે બોલાતા શબ્દો મારે કાને અથડાયા.

'તમે ત્યાં પાછા ફરશો ત્યારે અત્યારે અનુભવો છો તે શાંતિ તમને મળી રહેશે. પરંતુ એની કિંમત તરીકે તમારે મને આ શરીર કે મગજ છો એવા ખ્યાલનો ત્યાગ કરવો પડશે. આ શાંતિનો પ્રવાહ તમારી અંદર વહેવા માંડશે ત્યારે તમારી જાતને તમે ભૂલી જશો, કારણકે એ દશામાં તમારું સમગ્ર જીવન 'તેની' તરફ વળી ચૂક્યું હશે.'

એ અસાધારણ અનેરું સ્વપ્ન પૂરું થતાં હું જાગી ઊઠ્યો ત્યારે મારી પર એની સૂક્ષ્મ ઉત્તમતાની અસર એવી જ તાજી હતી. એ વખતે મહર્ષિની આંખ મારી આંખ સાથે એકાએક એક થઇ. એમણે પોતાનું મોઢું મારી દિશામાં ફેરવીને મારી આંખમાં સ્થિર દૃષ્ટિથી જોવા માંડ્યું.

એના સ્વપ્નની પાછળ શું રહસ્ય છુપાયેલું હતું? મારા

વ્યક્તિગત જીવનની ઈચ્છાઓ તથા કટુતાઓ થોડા વખત માટે એને લીધે ભુલાઈ ગઈ. હું જાગૃતિમાં આવ્યો તે છતાં સ્વપ્નમાં અનુભવેલી મારી પોતાની જાત પ્રત્યેની ઘોર ઉદાસીનતા અને મારા સાથીદારોને માટેની પ્રખર દયાવૃત્તિ હજી એવીને એવી જ કાયમ હતી. એ અનુભવ ખરેખર અદ્ભુત હતો.

મારું સ્વપ્ન કેટલો વખત ચાલ્યું? હોલમાંની પ્રત્યેક વ્યક્તિ હવે ઊઠીને સૂવાની તૈયારી કરવા લાગી. મારે પણ ઈચ્છા ના હોવા છતાં એનું અનુકરણ કરવું પડ્યું. એક લાંબા, સાધારણ બારીવાળા હોલમાં સંકડાઈને સૂવા કરતાં મેં ચોકની જ પસંદગી કરી. એક લાંબા, દાઢીવાળા શિષ્યે ફાનસ લાવી આપીને એને આખી રાત સળગતું રાખવાની સલાહ આપી, કારણ કે ત્યાં સાપ તેમજ ચિત્તા જેવા સ્વાગત ન કરવા યોગ્ય મુલાકાતીઓને આવવાની શક્યતા હતી; પ્રકાશથી તે દૂર રહે એમ હતું.

ધરતી સખત હતી અને મારી પાસે ગાદલું ન હોવાથી પરિણામ એ આવ્યું કે મને થોડા કલાકો સુધી ઊંઘ જ ન આવી. પરંતુ તેની હરકત નહોતી. મારી પાસે વિચારવાની પૂરતી સામગ્રી હતી. મને લાગ્યું કે મહર્ષિના રૂપમાં હું એક એવી રહસ્યમય વ્યક્તિને મળ્યો છું, જે મારા અત્યાર સુધીના અનુભવ દરમિયાન મને નથી મળી.

એ પછીના દિવસોમાં મેં મહર્ષિના નજદીકના સંપર્કમાં આવવાનો પ્રયત્ન કરી જોયો, પણ મને સફળતા ના મળી. એ નિષ્ફળતાનાં કારણો ત્રણ હતાં. પહેલું કારણ એમનો પોતાનો એકાંતપ્રિય સ્વભાવ, દલીલો તથા ચર્ચાને માટેનો એમનો દેખીતો અણગમો અને બીજાની ઘોર ઉદાસીનતા હતાં. એ સંપૂર્ણપણે દેખાઈ આવતું કે મહર્ષિ કોઈને પોતાના મતમાં



પલટાવવા નહોતા માગતા અને એમના અનુયાયી તરીકે એક પણ માણસનો ઉમેરો કરવાની ઈચ્છા નહોતા રાખતા.

બીજું કારણ જોકે વિચિત્ર હતું, છતાં એનો ઈનકાર કરી શકાય તેમ નહોતો. પેલા વિશેષ સ્વપ્નવાળી સાંજ પછીથી એમની પાસે હું જ્યારે જ્યારે જતો ત્યારે એમની હાજરીમાં એક પ્રકારના ઊંડા આદરભાવનો અનુભવ કરતો. બીજી રીતે જે પ્રશ્ન મેં સામાન્ય વાતચીતની જેમ પૂછ્યા હોત તે મારા હોઠની પાછળ જ શાંત થઈ ગયા, કારણ કે સામાન્ય માનવતાને સંબંધ છે ત્યાં સુધી, એમને પોતાના બરાબરિયા માનીને વાત કરવામાં તથા એમની દલીલમાં ઊતરવામાં જાણે કે કોઈ અપરાધ થાય છે એવું લાગી આવતું.

મારી નિષ્ફળતાનું ત્રીજું કારણ ઘણું સાદું હતું. હોલમાં લગભગ બધે જ વખતે થોડાક બીજા લોકો રહેતા હોવાથી એમની હાજરીમાં મારા અંગત વિચારો કહેવાનું, રજૂ કરવાનું કામ મને કઠિન લાગતું. આખરે તો એમને માટે હું એક અજાણ્યો અને પરદેશી માણસ હતો. એમનામાંના કેટલાકની ભાષા કરતાં હું જુદી ભાષા બોલતો એ હકીકત ઓછા મહત્ત્વની હતી; પરંતુ હું ધાર્મિક લાગણીથી દોરવાઈ ગયા વગરનો શંકાવાદી અને દોષદર્શી દૃષ્ટિકોણ ધરાવતો એ હકીકત જ્યારે દૃષ્ટિકોણને વાણીમાં રજૂ કરવાનો પ્રયાસ કરતો ત્યારે વધારે મહત્ત્વની બની જતી. એમની પવિત્ર સૂક્ષ્મ લાગણીઓને દુખવવાની ઈચ્છા મારામાં જરા પણ નહોતી, પરંતુ મને એકદમ ઓછી અસર કરનારી ઢબ મુજબ વિષયોની ચર્ચા કરવાની કામના પણ છોડી નહોતી. એથી કાંઈક અંશે એ વસ્તુએ મને મૂંગો બનાવી દીધો. (ક્રમશઃ)

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **—શ્રી યોગેશ્વરજી**

દ્વારકાપુરીના નિર્માણનું કાર્ય પૂરું થયા પછી કૃષ્ણે પોતે રાજગાદી પર બેસવાને બદલે વસુદેવનો રાજ્યાભિષેક કરીને બળરામને યુવરાજપદ આપ્યું, વિપ્રથુને મુખ્યમંત્રી બનાવ્યો ને સાત્યકિને સેનાપતિ.

દ્વારકાની શોભા અમરાપુરીથી પણ અદકી થઇ ગઇ.

એનો મહિમા દિગદિગંતમાં ફેલાવા લાગ્યો.

કૃષ્ણ બળરામ સાથે ત્યાં રાધાને યાદ કરતાં રહેવા લાગ્યા.

રાધાને એ કોઇયે કારણે, કોઇયે પરિસ્થિતમાં, નહોતા ભૂલી શકે તેમ.

રાધાએ કૃષ્ણના પ્રયાણ પછી પોતાના મનને જેમતેમ કરીને બીજા વિષયોમાં લગાડ્યું તો ખરું પરંતુ કૃષ્ણને ભૂલવાનું એને માટે અશક્ય થઇ પડ્યું.

એ કૃષ્ણને ભૂલવા માગતી જ ન હતી. એ તો એનું જીવન હતા.

એમને લીધે જ એનો પ્રાણ ટકી રહેલો એમ કહીએ તો ચાલે.

એમ કરતાં અસંખ્ય દિવસો વીતી ગયા ત્યારે વિશાખાએ એની પાસે આવીને કહ્યું :

‘તને એક શુભ સમાચાર આપવાના છે. આશા છે કે એ સમાચાર તને આનંદ આપશે. દુઃખી તો નહિ જ કરે.’

‘પરંતુ તું તો બળરામ સાથે મથુરાથી દ્વારકા ગયેલી ને?



ત્યાંથી ક્યારે પાછી આવી? બળરામ અને કૃષ્ણ કુશળ તો છે ને?’

‘દ્વારકામાં લાંબો વખત રહીને હું મથુરા થઇને કાલે જ અહીં પાછી આવી છું. બળરામ અને કૃષ્ણ કુશળ છે. કૃષ્ણના જીવનમાં એક નવો ફણગો ફૂટ્યો છે.’

‘કેવો?’

‘એનું લગ્ન થઇ ગયું.’

‘કોની સાથે? ક્યારે?’ રાધા ને સુપ્રિયા બંને લગભગ એકસાથે જ બોલી ઊઠ્યાં : ‘આ વાત તો તદ્દન નવી જ સાંભળી.’

‘છતાં પણ એ સાચી છે. એનું લગ્ન હજુ થોડા દિવસો પહેલાં જ થયું છે. વિદર્ભ દેશના રાજા ભીષ્મકની સુપુત્રી રુક્મિણી સાથે. હું એના લગ્નોત્સવને જોઇને જ આવી છું. રુક્મિણી એટલી બધી સુંદર છે કે એની આગળ દેવાંગનાની પણ કશી વિસાત ના લાગે.’

‘એ સમાચાર સાચેસાચ આનંદદાયક છે.’ સુપ્રિયા બોલી.

‘મને પણ એ આનંદદાયક તો લાગે જ છે.’ રાધાએ જણાવ્યું : ‘કૃષ્ણનું જીવન સર્વ રીતે ને સંપૂર્ણપણે સુખી થાય એવી મારી અભિલાષા છે. અસંતોષ માત્ર એટલો જ છે કે આવા અગત્યના અવસર પર મારા કૃષ્ણની પાસે હાજર રહીને હું એની અને રુક્મિણીની આગળ એ અભિલાષાને પ્રગટ ના કરી શકી. મારે સુપ્રિયા સાથે એ ઉત્તમ અવસર પર દ્વારકામાં હાજર રહેવાનું થયું હોત તો અમને અપાર આનંદ થાત. પરંતુ અમને તો એની ખબર પણ ના પડી!’

‘ભાગ્ય બધે ઠેકાણે ભાગ ભજવે છે.’ સુપ્રિયા બોલી ઊઠી;

'આપણું ભાગ્ય અનુકૂળ નહિ હોય.'

વિશાખાએ કહ્યું :

'કૃષ્ણ તમને બંનેને યાદ ના કરે એવું કદી બની શકે? એ તમને અવારનવાર યાદ કરતો. રુક્મિણી સાથેના લગ્ન પહેલાં એ અવારનવાર કહેતો કે મારે રાધાને બોલાવવી છે અને એ ના આવી શકે તોપણ એના શુભાશીર્વાદ તો મેળવવા જ છે. જીવનના નવપ્રસ્થાનના આ સ્વર્ણ સમયે એના આશીર્વાદ મને અત્યંત ઉપયોગી થઇ પડશે. પરંતુ પછી પરિસ્થિતિએ એવો તો પલટો લીધો કે તને સંદેશ મોકલવાનો પર્યાપ્ત સમય પણ ના રહ્યો.'

'એવું તે વળી શું થયું?'

'રુક્મિણી એને મહામહેનતે મળી છે. જાનના જોખમે કહીએ તો ચાલે. એને એનું હરણ કરવું પડેલું ને તે માટે ભીષણ યુદ્ધ પણ થઇ ચૂકેલું.'

'એ તો એકદમ આશ્ચર્યકારક કહેવાય.' રાધા બોલી; 'તો શું રુક્મિણી એને વરવા નહોતી માગતી? પ્રેમ નહોતી કરતી?'

'કરતી'તી અને વરવા પણ માગતી'તી, પરંતુ એનો માર્ગ સરળ ન હતો. એમાં અનેક અવરોધો હતા. ત્યાં પણ કૃષ્ણના પુરાણા શત્રુ શિશુપાલ અને જરાસંધ સાથે કામ લેવાનું હતું.'

'એટલે?'

'રુક્મિણી કૃષ્ણની કીર્તિકથા સાંભળીને કૃષ્ણને મનોમન વરી ચૂકેલી. એણે કૃષ્ણની અર્ધાંગિની બનવાનો નિર્ણય કરેલો. પરંતુ એનો ભાઇ રુક્મી એનો વિરોધી હતો. એની આકાંક્ષા એને શિશુપાલ સાથે પરણાવવાની હતી. એણે એને એ વાત સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધી.'



'પછી?' રુક્મિણીની નિરાશાનો પાર નહિ રહ્યો હોય. એને માટે એ ક્ષણ સૌથી વધારે કરુણ હશે. પ્રત્યેક સ્ત્રીને માટે એવી પળ કરુણ જ હોય છે.'

સુપ્રિયાએ કહ્યું :

'તને પોતાને એવો અનુભવ છે. તું બળરામને વરવા માગતી'તી છતાં તારી ઇચ્છા પૂરી ના થઇ તો તારી સ્થિતિ શરૂશરૂમાં કેવી કરુણ બની ગયેલી?'

વિશાખા વિચારમાં પડી ને બોલી :

'હા. પરંતુ રુક્મિણી કોઇક જુદી જ માટીની બનેલી હતી એટલે પોતાના ભાઇનો વિરોધ ગણકારવાને બદલે કૃષ્ણનું જ ચિંતન કરવા લાગી. એને જ્યારે ખબર પડી કે પોતાની રુચિ–અરુચિ અથવા પોતાના વિરોધ–અવરોધની લેશ પણ પરવા કર્યા વિના રુક્મી પોતાને શુશુપાલ સાથે જ પરણાવવાના ઘાટ ઘડી રહ્યો છે ત્યારે એ ખૂબ ઉદાસ બની ગઇ.'

રાધાએ કહ્યું :

'એને માટે એ સ્વાભાવિક હતું, પરંતુ પછી શું થયું? આ વાત તો ખૂબ જ કુતૂહલજનક અને રસિક છે.'

'રુક્મિણીએ શિશુપાલ સાથેના લગ્ન પ્રસ્તાવનો કઠોરમાં કઠોર શબ્દોમાં વિરોધ કર્યો પરંતુ એનાં માતાપિતા તથા રુક્મીએ એ વિરોધની પરવા ના કરી.'

રુક્મીએ કૃષ્ણની અનેક પ્રકારે નિંદા કરી.

પરંતુ એની અસર રુક્મિણી પર જરા પણ ના થઇ.

એના અંતરમાં કોણ જાણે કેમ પણ કૃષ્ણને માટે અખૂટ આકર્ષણ ભ રે લુ ં . (ક્રમશ:)